RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 279* Date: 5.08.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# 'હર ઘર તિરંગા' મુહિમ પર રાજકારણ, નામ લીધા વગર આરએસએસને રાહુલ ગાંધી 'દેશદ્રોહી સંગઠન' ગણાવ્યું



નવીદિલ્હી,તા.૪

હર ઘર તિરંગા અભિયાન પર વિવાદ વધી રહ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ને દેશદ્રોહી સંગઠન ગણાવતા નવેસરથી વિવાદ ઊભો થયો છે. અત્રે જણાવવાનું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયાના અવસરે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણી થઈ રહી છે. ભાજપ અને કેન્દ્ર સરકાર તરફથી દેશમાં તે માટે દરેક ઘરે તિરંગો લહેરાવવાના અભિયાનની શરૂઆતની જાહેરાત કરાઈ છે. પીએમ મોદી સહિત અન્ય બીજેપી નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓએ પોત પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ડીપી ચેન્જ કરીને તિરંગો મૂકયો છે. આ બધા વચ્ચે રાહુલ ગાંધી ગઈ કાલે કર્ણાટક પ્રવાસે હતા. અહીં તેમણે હર ઘર તિરંગા અભિયાનને લઈને ભાજપ તથા આરએસએસ પર નિશાન સાધ્યું છે.

રાહુલ ગાંધીએ પોતાના કર્ણાટક પ્રવાસ દરમિયાન કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગના કર્મચારીઓ સાથે મુલાકાત કરી. ત્યારબાદ રાહુલ ગાંધીએ એક ટ્વીટ કરી જેમાં લખ્યું છે કે 'કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગના તમામ સાથીઓને મળીને ખુબ આનંદ થયો. ઈતિહાસ સાક્ષી છે કે હર ઘર તિરંગ મુહીમ ચલાવનારા, એ દેશદ્રોહી સંગઠનમાંથી નીકળ્યા છે, જેમણે ૫૨ વર્ષ સુધી તિરંગો ફરકાવ્યો નથી. આઝાદીની લડતથી, તેઓ કોંગ્રેસ પાર્ટીને ત્યારે પણ રોકી ન શક્યા અને આજે પણ રોકી શકશે નહીં.'

નેશનલ હેરાલ્ડની ઓફિસ ગઈકાલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સીલ કરાયા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે લડાયક મૂડમાં તેઓ ઈડી કે નરેન્દ્ર મોદીથી ડરતા નથી તેવું જણાવીને જે કરવું હોય તે કરી લેવા પડકાર ફેંકયો હતો.

રાહુલ ગાંધીએ આજે ભાજપ પર જોરદાર હુમલો કર્યો હતો અને તેઓ તપાસથી ભાગી રહ્યા છે તેવા ભાજપના આરોપ પર વળતો જવાબ આપતા કહ્યું કે મારી વાત સાંભળો, અમે નરેન્દ્ર મોદીથી ડરતા નથી, સમજી ગયા, જે કરવુ હોય તે કરી શકે છે. અમને કોઈ ફર્ક પડતો નથી, અમારું કામ દેશની રક્ષા કરવાનું, લોકતંત્રની રક્ષા કરવાનું તથા દેશમાં એખલાશ ભર્યો માહોલ જળવાઈ રહે તે છે અને હું તે કરતો રહીશ તેઓ કંઈ પણ કરી લે તેનાથી કોઈ ફર્ક પડતો નથી. ગઈકાલે નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ હેરાલ્ડ હાઉસમાં આવેલી યંગ ઈન્ડીયનની ઓફિસને સીલ કરી દીધી હતી અને કોંગ્રેસ વડા મથકે પણ સુરક્ષા બંદોબસ્ત લાદી દેવામાં આવ્યો હતો અને એન્ફોર્સમેન્ટ વિભાગ કોઈ મોટી કાર્યવાહી કરવા જઈ રહી છે તેવો માહોલ ઉભો કરાયો હતો. જેના જવાબમાં આજે રાહુલ ગાંધીએ આ આકરુ વિધાન કર્યુ હતું અને ઉમેર્યુ હતું કે અમે કોઈપણ પરીસ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ.

'હર ઘર તિરંગા' અભિયાનને લઈને બુધવારે ભાજપ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં સરકારના અનેક મોટા મંત્રીઓએ ભાગ લીધો હતો પરંતુ રેલીને લઈને રાજકારણ તેજ બન્યું છે જયારે આ રેલીમાં કોઈ વિપક્ષી નેતા સામેલ નહોતા થયા. આ અંગે કેન્દ્ર સરકારનું કહેવું છે કે, અમે આ રેલીમાં શાસક પક્ષ અને વિપક્ષ બંનેના સાંસદોને ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું પરંતુ વિપક્ષના એક પણ નેતાએ હાજરી નહોતી આપી. સરકારે કહ્યું છે કે, તિરંગો આખા દેશનો છે તો તેમાં રાજનીતિ કરવી ક્યાં સુધી યોગ્ય છે

અત્રે જણાવવાનું કે રાહુલ ગાંધીએ પોતાના કર્ણાટક પ્રવાસ દરમિયાન ચિત્રદુર્ગમાં શ્રી મુરુધા મઠની પણ મુલાકાત કરી. આ મઠનું લિંગાયત સમુદાયમાં મોટું મહત્વ છે. આ દરમિયાન તેમણે કહ્યું કે તેઓ ઈષ્ટલિંગ અને શિવયોગ વિશે વિસ્તૃત માહિતી ઈચ્છે છે. તેમણે કહ્યું કે 'હું છેલ્લા કેટલાક સમયથી બસવન્ના જીને ફોલો કરી રહ્યો છું અને તેમને વાંચી રહ્યો છું. તેથી અહીં આવવુ મારા માટે વાસ્તવિક સન્માનની વાત છે. મારી એક વિનંતી છે, જો તમે મારી પાસે કોઈ એક એવા વ્યક્તિને મોકલી શકો છો જે મને ઈષ્ટલિંગ અને શિવયોગ વિશે વિસ્તારથી જણાવી શકે, તો મને લગભગ તેનાથી ફાયદો થશે.' આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ચિત્રદુર્ગમાં શ્રી મરૂધા મઠના દ્રષ્ટા ડો. શ્રી શિવમૂર્તિ મુરૂધ શરણારૂ પાસે લિંગ દીક્ષા ગ્રહણ કરી. સામાન્ય રીતે લિંગાયત સમુદાયના લોકો ક્રિસ્ટલથી બનેલ ઈષ્ટલિંગ પહેરીને આ અનુષ્ઠાનને કરે છે.રાહુલે બસવન્નાનો ઉલ્લેખ કર્યો. પરંતુ શું તમે જાણો છો કે બસવન્ના કોણ હતા? બસવન્નાને બસવ પણ કહેવામાં આવે છે. તે ૧૨મી સદીના એક મહાન સમાજ સુધારક હતા. સમાજ સુધારક હોવા સિવાય એક દાર્શનિક, કવિ તથા શિવ ભક્ત હતા. તેણમે લિંગાયત ધર્મની સ્થાપના કરી હતી.

## તિરંગા બાઈર રેલીમાં જોડાયેલા સાંસદ મનોજ તિવારીનું ૪૧ હજાર રૂપિયાનું ચલણ કપાયું

નવીદિલ્હી,તા.૪

લાલ કિલ્લાથી નીકળેલી તિરંગા બાઈક રેલીમાં બાઈક ચલાવવી ભાજપના સાંસદ મનોજ તિવારીને ભારે પડી. વાત જાણે એમ છે કે તેઓ હેલમેટ વગર બાઈક ચલાવી રહ્યા હતા. કોઈએ આ ઘટનાનો વીડિયો બનાવીને દિલ્હી ટ્રાફિક પોલીસને મોકલી દીધો. ફરિયાદ મળતા ટ્રાફિક પોલીસે ઘટનાની તપાસ કરી તો સાચી ઠરી. ત્યારબાદ ટ્રાફિક પોલીસે સાંસદ મનોજ તિવારી પર ૪૧ હજાર રૂપિયાનું ચલણ ઠોકી દીધુ.

દિલ્હી ટ્રાફિક પોલીસના જણાવ્યાં મુજબ તિરંગા બાઈક રેલીમાં સામેલ થયેલા સાંસદ મનોજ તિવારી જ્યારે મોટરસાઈકલ ચલાવી રહ્યા હતા ત્યારે તેમણે હેલમેટ પહેરી નહતી. તે બાઈક પર ન તો પોલ્યુશન સર્ટિફિકેટ હતું કે ન તો હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ હતી. ઘટના સમયે મનોજ તિવારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ નહતું. આ બધી ખામીઓના આધારે ટ્રાફિક પોલીસે સાંસદનું ૨૧ હજારનું ચલણ કાપ્યું. આ સાથે જ બાઈકના મૂળ માલિક ઉપર પણ ૨૦ હજાર રૂપિયાનું ચલણ ઠોકીને તે પણ મનોજ તિવારીને જ પકડાવી દીધુ. આમ તિરંગા રેલીમાં સામેલ થવા બદલ સાંસદને કુલ ૪૧ હજાર રૂપિયાનું ચલણ લાગ્યું. અત્રે જણાવવાનું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે મોદી સરકારે ગત વર્ષથી આઝાદી કા અમૃત મહોત્સવ શરૂ કર્યો હતો. જે હેઠળ આ વખતે ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી દરેક ઘરમાં તિરંગો ફરકાવવાનો છે. આ અંગે જાગૃતતા વધારવા માટે સાંસદોએ બુધવારે દિલ્હીમાં તિરંગા બાઈક રેલી કાઢી. આ રેલીને ઉપરાષ્ટ્રપતિ એમ વેકૈયા નાયડુએ લીલી ઝંડી દેખાડીને રવાના કરી હતી. રેલીમાં અનેક મંત્રીઓ, સાંસદો અને વિધાયકોએ ભાગ લીધો. આ રેલીમાં એક બુલેટ પર સાંસદ મનોજ તિવારી પણ સામેલ થયા હતા. રેલી બાદ તેમણે ટ્વિટર પર ફોટા અને વીડિયો નાખીને ફેન્સેને આ રેલી વિશે જણાવ્યું. તેમાં હેલમેટ વગર બુલેટ ચલાવતા જોઈને અનેક લોકોએ તેમને ટ્રોલ કર્યા અને દિલ્હી પોલીસ પાસે કાર્યવાહીની માંગણી કરી હતી. ટ્રોલ થયા બાદ સાંસદ મનોજ તિવારીએ પોતાની ભૂલ બદલ ટ્વિટર પર માફી પણ માંગી અને કહ્યું કે તેઓ દિલ્હી ટ્રાફિકપોલીસની ઓફિસમાં જઈને ચલણ ભરશે. ત્યારબાદ તેઓ ટ્રાફિક પોલીસની ઓફિસે પહોંચ્યા. જ્યાં તેમણે ૪૧ હજાર રૂપિયાનું ચલણ જમા કરાવ્યું. મનોજ તિવારીએ પોતાના ફેન્સને અપીલ કરી છે કે આ પ્રકારની ભૂલ તેઓ ક્યારેય ન દોહરાવે અને હંમેશા હેલમેટ પહેરીને જ બાઈક ચલાવે.

## હનુમાન ચાલીસા વાંચવા પર જેલમાં મારી સાથે આતંકીઓ જેવા વ્યવહાર કરવામાં આવ્યો : નેહા સિંહ

લખનૌ,તા.૪

તાજેતરમાં લખનૌના લુલુ મોલમાં નમાજ પઢવા અને ત્યારબાદ હનુમાન ચાલીસા વાંચવાને લઈ થયેલ વિવાદ બાદ પોલીસે અનેક લોકોને પકડીને જેલમાં નાખી દીધા છે.આ દરમિયાન જાહેર સ્થાનો પર ધાર્મિક પ્રાર્થનાઓનો વિરોધ કરવાને લઈ ખુબ હંગામો પણ થયો હતો જેલમાંથી છુટી બહાર આવેલ લોકોમાં કેટલાકે પોલીસના વલણ પર આક્રોશ વ્યકત કર્યો છે.

કહેવાતી રીતે મોલની અંદર હનુમાન ચાલીસા વાંચવાને લઈ સાત દિવસ સુધી જેલમાં રહેલ કરણી સેનાના ઉપાધ્યક્ષ નેહા સિંહે કહ્યું હતું કે મેં કાંઈ કર્યું પણ નથી અને પોલીસે મારી જબરજસ્તી ધરપકડ કરી જેલમાં મોકલી આપી આ દરમિયાન મનેં ખુંખાર અપરાધિઓવાળા વિરાન કોટડીમાં રાખવામાં આવી તેમણે કહ્યું કે પોલીસવાળાએ ન તો મારો કોઈ મેડિકલ કરાવ્યો અને ન તો મારા ધરવાળાને સુચના આપવામાં આવી

સ્થાનીક સીઓએ બાદમાં ધરવાળાઓને કહ્યું કે તમારી પુત્રીએ ના પાડવામાં આવી હતી પરંતુ તે માની નહીં આથી ધરપકડ કરવી પડી નેહા સિંહે સીઓ પર ખોટું બોલવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તે તેની વિરૂધ્ધ કોર્ટમાં જશે અને સરકારને પણ ફરિયાદ કરશે

એ યાદ રહે કે લખનૌના લુલુ મોલનું ગત મહીનાના બીજા અઠવાડીયામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉદ્ઘાટન કર્યું હતું પરંતુ મોલમાં કારોબારી ગતિવિધિઓ શરૂ થતા જ વિવાદ ઉભો થયો હતો કેટલાક યુવકોએ શુક્રવારના દિવસે લુલુ મોલની અંદર જ નમાજ પઢી હતી અને તેની વીડિયો વાયરલ થઈ ગઈ અને હંગામો ઉભો થયો હતો.ત્યારબાદ અનેક હિન્દુ સંગઠનોએ પણ ત્યાં હનુમાન ચાલીસાનો પાઠ કરવાની જાહેરાત કરી હતી.

વિવાદ વધતા મોલના પ્રબંધકોએ મોલમાં કોઈ પણ રીતની ધાર્મિક પ્રાર્થનાની મંજુરી ન હોવાના બોર્ડ પણ લગાવ્યા હતાં આમ છતાં કેટલાક ઉત્સાહી યુવકોએ અંદર જઈ હનુમાન ચાલીસાના પાઠ કર્યા અને જયશ્રી રામના સુત્રોચ્ચાર કર્યા હતાં મોલમાં સુરક્ષા પણ વધારવામાં આવી હતી બાદમાં કરણી સેનાના કાર્યકર્તાઓ પહોંચ્યા અને લુલુ મોલમાં હનુમાન ચાલીસાના પાઠ કરવાનો પ્રયાસ કર્યો હતો આથી પોલીસે ૨૦ કાર્યકરોની ધરપકડ કરી હતી.કાર્યકરોએ પોલીસ સાથે ધક્કામુક્કી પણ કરી હતી.

## તિરંગા બાઈર રેલીમાં જોડાયેલા સાંસદ મનોજ તિવારીનું ૪૧ હજાર રૂપિયાનું ચલણ કપાયું

નવીદિલ્હી,તા.૪

લાલ કિલ્લાથી નીકળેલી તિરંગા બાઈક રેલીમાં બાઈક ચલાવવી ભાજપના સાંસદ મનોજ તિવારીને ભારે પડી. વાત જાણે એમ છે કે તેઓ હેલમેટ વગર બાઈક ચલાવી રહ્યા હતા. કોઈએ આ ઘટનાનો વીડિયો બનાવીને દિલ્હી ટ્રાફિક પોલીસને મોકલી દીધો. ફરિયાદ મળતા ટ્રાફિક પોલીસે ઘટનાની તપાસ કરી તો સાચી ઠરી. ત્યારબાદ ટ્રાફિક પોલીસે સાંસદ મનોજ તિવારી પર ૪૧ હજાર રૂપિયાનું ચલણ ઠોકી દીધુ.

દિલ્હી ટ્રાફિક પોલીસના જણાવ્યાં મુજબ તિરંગા બાઈક રેલીમાં સામેલ થયેલા સાંસદ મનોજ તિવારી જ્યારે મોટરસાઈકલ ચલાવી રહ્યા હતા ત્યારે તેમણે હેલમેટ પહેરી નહતી. તે બાઈક પર ન તો પોલ્યુશન સર્ટિફિકેટ હતું કે ન તો હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ હતી. ઘટના સમયે મનોજ તિવારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ નહતું. આ બધી ખામીઓના આધારે ટ્રાફિક પોલીસે સાંસદનું ૨૧ હજારનું ચલણ કાપ્યું. આ સાથે જ બાઈકના મૂળ માલિક ઉપર પણ ૨૦ હજાર રૂપિયાનું ચલણ ઠોકીને તે પણ મનોજ તિવારીને જ પકડાવી દીધુ. આમ તિરંગા રેલીમાં સામેલ થવા બદલ સાંસદને કુલ ૪૧ હજાર રૂપિયાનું ચલણ લાગ્યું. અત્રે જણાવવાનું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે મોદી સરકારે ગત વર્ષથી આઝાદી કા અમૃત મહોત્સવ શરૂ કર્યો હતો. જે હેઠળ આ વખતે ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી દરેક ઘરમાં તિરંગો ફરકાવવાનો છે. આ અંગે જાગૃતતા વધારવા માટે સાંસદોએ બુધવારે દિલ્હીમાં તિરંગા બાઈક રેલી કાઢી. આ રેલીને ઉપરાષ્ટ્રપતિ એમ વેકૈયા નાયડુએ લીલી ઝંડી દેખાડીને રવાના કરી હતી. રેલીમાં અનેક મંત્રીઓ, સાંસદો અને વિધાયકોએ ભાગ લીધો. આ રેલીમાં એક બુલેટ પર સાંસદ મનોજ તિવારી પણ સામેલ થયા હતા. રેલી બાદ તેમણે ટ્વિટર પર ફોટા અને વીડિયો નાખીને ફેન્સેને આ રેલી વિશે જણાવ્યું. તેમાં હેલમેટ વગર બુલેટ ચલાવતા જોઈને અનેક લોકોએ તેમને ટ્રોલ કર્યા અને દિલ્હી પોલીસ પાસે કાર્યવાહીની માંગણી કરી હતી. ટ્રોલ થયા બાદ સાંસદ મનોજ તિવારીએ પોતાની ભૂલ બદલ ટ્વિટર પર માફી પણ માંગી અને કહ્યું કે તેઓ દિલ્હી ટ્રાફિકપોલીસની ઓફિસમાં જઈને ચલણ ભરશે. ત્યારબાદ તેઓ ટ્રાફિક પોલીસની ઓફિસે પહોંચ્યા. જ્યાં તેમણે ૪૧ હજાર રૂપિયાનું ચલણ જમા કરાવ્યું. મનોજ તિવારીએ પોતાના ફેન્સને અપીલ કરી છે કે આ પ્રકારની ભૂલ તેઓ ક્યારેય ન દોહરાવે અને હંમેશા હેલમેટ પહેરીને જ બાઈક ચલાવે.

## આજે મહારાષ્ટ્ર કેબિનેટનું વિસ્તરણ, ભાજપના ક્વોટામાંથી બની શકે છે ૮ મંત્રીઓ

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન કરનાર એકનાથ શિંદેનું કેબિનેટ પ્રથમ વખત આકાર લઈ રહ્યું છે. શુક્રવારે એકનાથ શિંદે કેબિનેટનું વિસ્તરણ થવા જઈ રહ્યું છે. ખૂબ વિચાર-વિમર્શ બાદ ભાજપ અને શિવસેનાના શિંદે જૂથ વચ્ચે મંત્રીઓની વહેંચણી પર નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના આઠ અને એકનાથ શિંદે જૂથના સાત મંત્રીઓ ચાર્જ સંભાળશે. જો કે આ યાદીમાં મહારાષ્ટ્રની અગાઉની દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં મંત્રી રહેલા ઘણા વરિષ્ઠ ધારાસભ્યોના સરનામા પણ આ શિંદ કેબિનેટમાં કાપવામાં આવ્યા છે. ચાલો જોઈએ સંભવિત મંત્રીઓની સંપૂર્ણ યાદી-ભાજપ કેમ્પમાંથી સંભવિત મંત્રી નામ આ પ્રમાણે છે. ચંદ્રકાંત પાટીલ,સુધીર મુનગંટીવાર,ગિરીશ મહાજન,પ્રવીણ દરેકર,રાધાકૃષ્ણ વિખે પાટીલ,રવિ ચવ્હાણ,,બબનરાવ લોનીકર,નિતેશ રાણે,શિંદે કેમ્પના ;ભવિત મંત્રીઓ,દાદા સ્ટ્રો,,ઉદય સામંત,દીપક કેસરકર,શંભુ રાજે દેસાઈ,,સંદીપન ભુમરે,,સંજય શિરસાથો,,અબ્દુલ સત્તારી,,બચ્ચુ કડુ (અપક્ષ) અથવા રવિ રાણા

એકનાથ શિંદેએ ૩૦ જૂને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

### શિંદે અને ઠાકરે વચ્ચે ખેંચતાણ

## ચૂંટણી પંચને શિંદે જૂથની અરજી પર હાલમાં કોઈ નિર્ણય ન લેવા સુપ્રીમનો આદેશ

નવીદિલ્હી,તા.૪

એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના વિભાજન પછી શિવસેનાના નિયંત્રણને લઈને બંને પક્ષો વચ્ચે કાનૂની લડાઈ ચાલી રહી છે. આ દરમ્યાન સુપ્રીમ કોર્ટે ગુરુવારે સુનાવણી કરતાં ઉદ્ધવ જૂથને રાહત આપી છે. કોર્ટે ચૂંટણી પંચને શિંદે જૂથની અરજી પર હાલમાં કોઈ નિર્ણય ન લેવા જણાવ્યું હતું. હવે આ મામલે આગામી સુનાવણી સોમવારે થશે.

અગાઉ બુધવારે પણ સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી થઈ હતી જ્યાં બંને પક્ષોએ પોત-પોતાની વાત કરી હતી. આ મામલો ૫ જજની બેંચને સોંપવા અંગે નિર્ણય લેવામાં આવશે. બંને પક્ષોની લેખિત દલીલો ચકાસવામાં આવશે. સુનાવણી દરમ્યાન શિંદે કેમ્પના વકીલ હરીશ સાલ્વેએ તેમના વતી પ્રસ્તાવિત સુનાવણીના મુદ્દાઓ રજૂ કર્યા. સાલ્વેએ અયોગ્યતા અંગે સ્પીકરની સત્તા અને પ્રક્રિયા કેવી રીતે હાથ



ધરવી તે અંગેની બાબતો ક્રમિક રીતે રજૂ કરી.

સીજેઆઈએ પૂછ્યું કે, શું એક વખત ચૂંટાયેલા ધારાસભ્ય પર પાર્ટીનું નિયંત્રણ નથી હોતું. તેઓ પક્ષના ધારાસભ્ય પક્ષની શિસ્ત માટે જ જવાબદાર છે. આ તરફ જવાબમાં શિંદે જૂથના વકીલ સાલ્વેએ કહ્યું ક, જ્યાં સુધી ધારાસભ્ય પદ પર છે ત્યાં સુધી તેઓ ગૃહની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે હકદાર છે. જો તે પક્ષ વિરુદ્ધ મત આપે તો પણ તે મત માન્ય ગણાશે. સાલ્વેએ કહ્યું કે, હું એમ નથી કહેતો કે પાર્ટી પર નિયંત્રણ નથી. હું કહું છું કે અમે પાર્ટી છોડી નથી. તેમણે પાર્ટીની અંદર જ પોતાનો અવાજ ઉઠાવ્યો છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે જૂથના વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે, આ મામલાને બંધારણીય બેંચમાં ન મોકલો. અમે (હું અને સિંઘવી) અમારી દલીલ ૨ કલાકમાં પૂરી કરી શકીએ છીએ.

સિબ્બલે પ્રશ્ન કર્યો કે, જેઓ અયોગ્ય છે તેઓ ચૂંટણી પંચમાં વાસ્તવિક પક્ષ હોવાનો દાવો કેવી રીતે કરી શકે ? તેના જવાબમાં ચૂંટણી પંચના વકીલ અરવિંદ દાતારે કહ્યું હતું કે, મૂળ પક્ષકાર હોવાનો અમારો કોઈ દાવો હોય તો અમે તેના પર નિર્ણય લેવા કાયદાકીય રીતે બંધાયેલા છીએ. વિધાનસભામાંથી ગેરલાયક ઠરાવવો એ એક અલગ મુદ્દો છે. અમે અમારી સમક્ષ મૂકવામાં આવેલા તથ્યોના આધારે નિર્ણયો લઈએ છીએ. ચૂંટણી પંચમાં બંને પક્ષોની એફિડેવિટ રજૂ કરવાની તારીખ ૮ ઓગસ્ટ છે. જો કોઈ પક્ષ તેમને નિર્ણય મુલતવી રાખવા વિનંતી કરે તો તેમણે તેના પર વિચાર કરવો જોઈએ. અમે આ મામલાને બંધારણીય બેંચમાં મોકલવા પર વિચાર કરીશું.

## યુયુ લલિત દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ બની શકે છે,એનવી રમનાએ તેમના નામની ભલામણ કરી

નવીદિલ્હી,તા.૪

ભારતના મુખ્ય ન્યાયાધીશ એન. વી. રમનાએ આજે તેમના અનુગામી તરીકે ન્યાયમૂર્તિ ઉદય ઉમેશ લલિતના નામની ભલામણ કરી હતી. જસ્ટિસ લલિત ભારતના ૪૯માં ચીફ જસ્ટિસ હશે. નોંધનીય છે કે ચીફ જસ્ટિસ એન. વી. રમના આ મહિને ૨૭ ઓગસ્ટે નિવૃત્ત થઈ રહ્યા છે.જસ્ટિસ યુયુ લલિત હાલમાં સુપ્રીમ કોર્ટના બીજા સૌથી વરિષ્ઠ જજ છે. મુખ્ય ન્યાયાધીશ એનવી રમનાએ કેન્દ્ર સરકારને તેમના અનુગામી તરીકે જસ્ટિસ યુ યુ લલિતના નામની ભલામણ કરી છે. ૨૭ ઓગસ્ટે શપથ લેનાર જસ્ટિસ લલિતનો મુખ્ય ન્યાયાધીશ તરીકેનો કાર્યકાળ ૮ નવેમ્બર સુધી રહેશે.

જસ્ટિસ લલિત, વર્તમાન ચીફ જસ્ટિસ એન. વી. રમના નિવૃત્ત થયાના એક દિવસ પછી ૨૭ ઓગસ્ટે, તેઓ ભારતના ૪૯મા ઝત્તૈં બનવાની લાઈનમાં છે. જસ્ટિસ લલિતની ૧૩ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારે તેઓ જાણીતા વકીલ હતા. જસ્ટિસ લલિત ત્યારથી સર્વોચ્ચ અદાલતના અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓનો ભાગ રહ્યા છે. પાંચ જજોની બંધારણીય બેન્ચે ઓગસ્ટ ૨૦૧૭માં ૩-૨ બહુમતીથી 'ટ્રિપલ તલાક'ને ગેરબંધારણીય જાહેર કરી હતી. તે ત્રણ જજોમાં જસ્ટિસ લલિત પણ હતા.અન્ય મહત્વના નિર્ણયમાં, જસ્ટિસ લલિતની આગેવાની હેઠળની બેન્ચે ઠરાવ્યું હતું કે કેરળના ઐતિહાસિક શ્રી પદ્મનાભસ્વામી મંદિરનું સંચાલન કરવાનો અધિકાર ત્રાવણકોરના પૂર્વ રાજવી પરિવાર પાસે છે.૯ નવેમ્બર, ૧૯૫૭ના રોજ જન્મેલા જસ્ટિસ લલિતે જૂન ૧૯૮૩માં એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી અને ડિસેમ્બર ૧૯૮૫ સુધી બોમ્બે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી હતી. તેઓ જાન્યુઆરી ૧૯૮૬માં દિલ્હી ગયા અને કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી અને એપ્રિલ ૨૦૦૪માં તેમને સર્વોચ્ચ અદાલતે વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કર્યા. ૨જી સ્પેક્ટ્રમ ફાળવણી કેસની સુનાવણી માટે તેમને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશનના વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જસ્ટિસ લલિત ૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ નિવૃત્ત થશે.

# તંત્રી સ્થાનેથી...

## આતંકીનો સફાયો

અમેરિકાએ છેવટે અલકાયદાના વડા અયમાન અલ જવાહિરીને પણ ઠાર માર્યો. તેના પહેલાં તેણે ૯/૧૧ના આતંકી હુમલાનું ષડયંત્ર રચનારા ઓસામા બિન લાદેનને પણ પાકિસ્તાનમાં ઘૂસીને માર્યો હતો. લાદેનના મોત બાદ જ જવાહિરી અલકાયદાનો વડો બન્યો હતો. તેના નેતૃત્વમાં અલકાયદા ભલે કમજોર પડી ગયું હોય, પરંતુ તે તમામ આતંકી જૂથોને જેહાદનો ઝેરી ખોરાક આપવાનું કામ કરી રહ્યો હતો. બહુ દિવસો નથી થયા જ્યારે કર્ણાટકના હિજાબ વિવાદ પર જવાહિરીએ એક વીડિયો જારી કરીને ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. તેણે જમ્મુ-કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ પણ ઝેર ઓક્યું હતું. તે ઉપરાંત તેણે ભારતીય ઉપમહાદ્વીપ માટે અલકાયદાના એક ખાસ જૂથની રચનાનું એલાન કરવાની સાથે તેણે વડા તરીકે ભારતીય મૂળના એક આતંકીની પણ નિયુક્તિ કરી હતી. સ્પષ્ટ છે કે જવાહિરીનું માર્યા જવું અમેરિકા અને ભારતની સાથે સાથે એ દેશો માટે પણ રાહતના એક સમાચાર છે, જ્યાં અલકાયદા પ્રેરિત આતંકી જૂથ સક્રિય છે.

જવાહિરી ઠાર મરાયા છતાં અમેરિકા અને તેના સહયોગી દેશોની સાથે જ ભારતની ચિંતાઓ ખતમ નથી થવાની, કારણ કે એ તથ્ય તાલિબાનની દગાબાજી જ દર્શાવે છે કે અલકાયદા વડાએ કાબુલમાં શરણું લીધેલું હતું. દોહા સમજૂતીમાં તાલિબાને એ વાયદો કર્યો હતો કે તે અલકાયદા સહિત કોઈ અન્ય જેહાદી જૂથને પોષવાનું કામ નહીં કરે. જવાહિરી કાબુલમાં આશ્રય મેળવી રહ્યો હતો એટલું જ નહીં, પરંતુ તાલિબાનના સૌથી ખૂંખાર જૂથ હક્કાની નેટવર્કના વડાના મકાનમાં જ રહેતો હતો. હવે અમેરિકાએ પાકિસ્તાનની કઠપૂતળી મનાતા હક્કાની જૂથના વડાને પોતાના નિશાના પર લેવાની જરૂર છે, કારણ કે તેના રહેતાં અફઘાનિસ્તાનમાં હાલત સુધરવી સંભવ નથી. એ જો અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અમેરિકાને ખુશ કરવા માટે પાકિસ્તાને જ તેને જવાહિરી વિશે જાણકારી આપી હોય, તે સાચું પણ હોઈ શકે છે. જે પણ હોય, ભારત તેની અવગણના ન કરી શકે કે પાકિસ્તાન એ આતંકી જૂથો વિરુદ્ધ કશું જ નથી કરી રહ્યું, જે તેના માટે ખતરો બની રહ્યા છે. ભારતે આ તથ્યને વિશ્વ મંચો પર નવેસરથી રેખાંકિત કરવા પડશે, બલ્કે તાલિબાન સાથે સંપર્ક-સંવાદ કરવા અને તેની મદદ કરવા મામલે વધુ સાવધાન રહેવું પડશે. આ બધા ઉપરાંત તેણે પાકિસ્તાન પોષિત આતંકવાદથી અમેરિકાની જેમ પોતાના દમ પર પહોંચી વળવા માટે વધુ પ્રતિબદ્ધ બનવું પડશે. એવી જ પ્રતિબદ્ધતા તેણે દેશમાં સક્રિય જેહાદી તત્ત્વો વિરુદ્ધ પણ દેખાડવી પડશે, કારણ કે તેમનું દુસ્સાહસ વધતું દેખાઈ રહ્યું છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સામાન્ય માનવીઓના હિતમાં ૧૪ જેટલા મહેસૂલી નિયમોમાં મહત્ત્વના નીતિવિષયક સુધારા કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સામાન્ય માનવીના વ્યાપક હિતને હૈયે રાખીને મહેસૂલી નિયમોમાં નીતિવિષયક મહત્વપૂર્ણ સુધારા કર્યા છે.

સખાવતી હેતુસર જમીન તબદીલી, ટ્રસ્ટને ફાળવેલ સરકારી જમીનના કિસ્સામાં સ્પષ્ટતા, રિવાઈઝ્ડ એન.એ. સમયે પુનઃઅભિપ્રાયમાંથી મુક્તિ, વારસાઈમાં પડતી તકલીફમાં નિવારણ, લીસ પેન્ડેન્સીના રજિસ્ટ્રેશન, જેવી મહત્વની બાબતો અંગેના નિયમોમાં સુધારા જેવા મહત્વપૂર્ણ નિર્ણયોનો આમાં સમાવેશ થાય છે.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ નિર્ણયોની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

આ સુધારાને પરિણામે હવે ખેતીની જમીન જયારે સખાવતી હેતુસર કોઈ પણ સરકારી/અર્ધસરકારી/સ્થાનિક સ્વરાજની સંસ્થાને બિનઅવેજમાં ભેટ કરવામાં આવે ત્યારે પ્રવર્તમાન સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૧૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી જ ભરવાની રહેશે. એટલે કે સ્ટેમ્પ ડ્યુટીનું અગાઉ પડતું ભારણ હવે રહેશે નહીં. એટલું જ નહીં, ખેડૂત ખાતેદારના મૃત્યુ બાદ વારસાઈ વખતે દીકરીનાં સંતાનોને પણ જંત્રીના ૪.૯૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૩૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે, તેવો નીતિવિષયક નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

રાજ્ય સરકારે ટ્રસ્ટને ફાળવેલ સરકારી જમીનના કિસ્સામાં ટ્રસ્ટ એક્ટની કલમ-૩૬ તથા મહેસૂલ વિભાગ/સરકારની મંજૂરી જરૂરી છે તથા પ્રિમિયમ ભરવાપાત્ર છે, તે મુજબની સ્પષ્ટતા સરકારનું હિત જળવાય તે હેતુસર ગામ નં.૭માં કરવાનો નિર્ણય પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. નવી શરતની/સાંથણીની/ગણોત ધારા હેઠળ પિતા-માતાને મળેલી અથવા વારસાઈ હક્કથી ધારણ કરેલી જમીન કે જેમાં માત્ર મોટાભાઈનું નામ ચાલતું હોય તેમનું અવસાન થવાના સંજોગોમાં મહેસૂલી રેકર્ડમાં કાયદેસરની કાર્યવાહી કરીને બાકી રહેતા ભાઈ/બહેનોનાં નામો પણ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. પારિવારિક વિવાદ કે અસમંજસતા આના પરિણામે દૂર થશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલી નિયમોમાં કરેલા નીતિવિષયક સુધારા અનુસાર હવે, એક હેતુ માટે બિનખેતી મળેલ હોય અને ત્યારબાદ અન્ય હેતુ માટે બિનખેતીની અરજી(રહેણાંકમાંથી વાણિજ્ય વગેરે) સમયે પ્રિમિયમ, ઝોનિંગ, જી.ડી.સી.આર., એન.એ. શરતભંગ સિવાય અન્ય કોઈપણ અભિપ્રાયો જરૂરી રહેશે નહીં. ફક્ત જે તે રિવાઈઝ્ડ એન.એ.ના હેતુ માટેનો જ અભિપ્રાય જરૂરી રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ તલાટી દ્વારા ગ્રામ્ય/શહેરી વિસ્તારનાં મકાન, ફ્લેટ, દુકાનો, ઓફિસોનાં પેઢીનામાં કરવા બાબતે લોકોને સરળતા કરી આપી છે. વ્યક્તિનું અવસાન રહેણાંક/વતનના સ્થળ સિવાય અન્ય સ્થળે થાય ત્યારે મૃતકના સ્થાયી રહેઠાણ અથવા વતનના સ્થળના તલાટી દ્વારા પેઢીનામું બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ખેતીની જમીન બિનખેતી થયા બાદ, પ્રોપર્ટી કાર્ડ ન બનેલ હોય તેવા કિસ્સામાં બિનખેતીનો હુકમ રજૂ કરીને પ્રોપર્ટી કાર્ડ બનાવવાનો અને તેમાં ઉત્તરોત્તર ફેરફાર નોંધ કરી શકાશે તેવો જનહિતલક્ષી નિર્ણય પણ તેમણે કર્યો છે. ુખ્યમંત્રીશ્રીએ ખેતીની જમીનના હક્ક દાવા સંદર્ભે બિનજરૂરી ટાઈટલનો વિવાદ ટાળવા, આવા દાવા સંદર્ભે કોઈ સ્ટે-ઓર્ડર ન હોય ત્યારે, પડતર દાવા(લીસ પેન્ડેન્સી)ની નોંધ ગામ નમૂના-૭માં નોંધ ન કરવા અને સબરજિસ્ટ્રાર દ્વારા લીસ પેન્ડેન્સીનું રજિસ્ટ્રેશન ન કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ફળઝાડ તથા અન્ય વૃક્ષના ઉછેર માટે ભાડાપટ્ટે આપેલ જમીનોનો મહત્તમ ઉપયોગ થાય તથા પટ્ટેદારની આજીવિકામાં વધારો થાય તે હેતુસર આવી જમીનો ઉપર ખેતી કરવાની મંજૂરી આપવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે જેના પરિણામે ખેત ઉત્પાદન વધશે, અને જમીન કે જે મર્યાદિત કુદરતી સ્રોત છે તેનો મહત્તમ ઉપયોગ શક્ય બનશે. આ જમીન પર ખેતી કરવાના કારણે પટ્ટેદારને ખેડુતનો દરજ્જો મળશે નહીં.

# કનૈયાની પ્રેમકથા

એક ગામમાં એક નિર્ધન કપડાં વણનાર ઘણા જ પરીશ્રમી સુંદર અને લીલા નામના દંપતિ રહેતા હતા.આખો દિવસ પરીશ્રમ કરીને સુંદર સુંદર કપડાં બનાવતાં તેમછતાં તેમના દ્વારા બનાવવામાં આવતાં કપડાંની યોગ્ય કિંમત મળતી ન હતી.આ દંપત્તિ અત્યંત સંતોષી સ્વભાવના જે મળે તેનાથી સંતુષ્ટ થઈને એક તૂટી ફુટી ઝુંપડીમાં રહીને પોતાનું જીવન નિર્વાહ કરતાં હતાં.

આ બંને પતિ-પત્ની ભગવાન શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા.સમગ્ર દિવસ દરમ્યાન સખત પરીશ્રમ પછી જે સમય મળતો ત્યારે બંન્ને ભગવાનનું ભજન કિર્તનમાં પસાર કરતાં હતાં.સુંદર રામતાલ અને લીલા કરતાલ વગાડતાં વગાડતાં એવાં તલ્લીન બની જતાં હતાં કે ભૂખ તરસનું ભાન રહેતું ન હતું.સંતોષી સ્વભાવના કારણે દીન-હીન અવસ્થામાં પણ ક્યારેય ભગવાનને કોઇ ફરીયાદ કર્યા વિના પ્રસન્ન રહેતાં હતાં.

ફક્ત એક દુઃખ હતું કે તેમને કોઇ સંતાન ન હતું તેથી ચિંતિત રહેતા અને આને પણ ભગવાનની લીલા સમજી ભગવાનમાં મગ્ન રહી નિષ્કામરૂપથી શ્રીકૃષ્ણ પ્રેમમાં ડૂબેલાં રહેતાં હતાં.જ્યારે તેમની ઉંમર વયોવૃદ્ધ થઇ ત્યારે એક દિવસ લીલાએ સુંદરને કહ્યું કે અમારે કોઇ સંતાન નથી અને કહે છે કે સંતાન ના હોય તો મુક્તિ પ્રાપ્ત થતી નથી.હવે અમારી ઉંમર મોટી થઇ ગઇ છે,કોન જાણે ક્યારે યમનું તેડું આવે ત્યારે અમારી ચિત્તાને અગ્નિ કોન આપશે? અમારા માટે તર્પણ વગેરે કર્મ કોન કરશે અમારી મુક્તિ કેવી રીતે થશે? સુંદર કહે છે કે તૂં ચિંતા કેમ કરે છે? ઠાકોરજી તમામ કાર્ય સંપન્ન કરશે.સુંદર આવું બોલીને પોતે પણ ચિંતામાં ડૂબી ગયો.તે સમયે તેના મનમાં એક વિચાર આવ્યો અને તે નગરમાં જઇને શ્રીકૃષ્ણના બાલગોપાલ સ્વરૂપની એક પ્રતિમા લઇ આવે છે અને પત્નીને કહે છે કે લીલા..હવે તારે ચિંતા કરવાની જરૂર નથી હું આ બાલગોપાલને લાવ્યો છું.

અમારે કોઇ સંતાન નથી તે ભગવાનની જ લીલા છે.અમે બાલગોપાલને જ પૂત્રની જેમ પ્રેમ કરીશું અને તે જ અમારા પૂત્રનું કર્તવ્ય પૂર્ણ કરશે,અમોને મુક્તિ અપાવશે.સુંદરની વાત સાંભળીને લીલા પ્રસન્ન થાય છે,લીલા બાલગોપાલને હદયે લગાવી બોલી કે આજથી આ જ મારો લાલો છે.બંન્નેએ ઘરનો એક ખૂણો સાફ કરી સ્ટેજ બનાવી બાલગોપાલની સ્થાપના કરે છે.

દરરોજ તેઓ બાલગોપાલને પોતાના સંતાનની જેમ લાડ લડાવતાં,સ્નાન કરાવી ધોયેલાં વસ્ત્ર પહેરાવતાં અને સામે બેસીને ભજન કિર્તન કરતાં હતાં.લીલા દરરોજ લાલાને પોતાના હાથની ભોજન કરાવતી.પતિ-પત્નીનો નિશ્ચલ પ્રેમ જોઇએ કરૂણા નિધાન ભગવાન પ્રસન્ન થઇ અદ્રશ્ય રૂપમાં આવીને ભોજન આરોગતા.લીલા જ્યારે પ્રેમપૂર્વક ભોજન કરાવતી ત્યારે લીલાધારી ભગવાન શ્રીકૃષ્ણ માઁ ની પ્રેમલીલાને વશ થઇ બાળકરૂપે આવી ભોજન ગ્રહણ કરતા હતા.

એક દિવસ કામ વધારે હોવાથી લીલા બાલગોપાલને ભોજન કરાવવાનું ભૂલી જાય છે.ગરમીનો સમય છે બંન્ને પતિ-પત્ની થાકેલા હોવાથી ભૂખ્યા જ સૂઇ જાય છે ત્યારે મધ્યરાત્રીએ તેઓને અવાજ સંભળાય છે માઁ-બાબા મને ભૂખ લાગી છે..બંન્ને ગાઢ નિદ્રામાંથી જાગીને ચારે બાજુ જુએ છે કે અવાજ ક્યાંથી આવે છે? પરંતુ તેમને કશું દેખાતું નથી.તે સમયે લીલાને યાદ આવે છે કે આજે મારા લાલાને ભોજન નથી કરાવ્યું.લીલા દોડીને બાળગોપાલ પાસે જાય છે તો લાલાનું મુખ કરમાયેલું જોઇને બંન્ને ભગવાનના ચરણોમાં પડી ચોધાર આંસુઓથી રડે છે.

લીલા ભોજન લઇને આવે છે અને રડતાં રડતાં પ્રેમથી લાલાને ખોળામાં લઇ ભોજન કરાવે છે.આવો પ્રગાઢ પ્રેમ જોઇને ભગવાન દ્રવિત થાય છે અને અંતર્યામી ભગવાન શ્રીહરિ સાક્ષાતરૂપમાં પ્રગટ થાય છે અને પોતાના હાથોથી પોતાના માતાપિતાના આંસુ લુછીને કહે છે કે મારા પ્રિય ભક્ત..હું તમારી ભક્તિ અને પ્રેમથી અત્યંત પ્રસન્ન થયો છું,તમારી જે ઇચ્છા હોય તે વરદાન માંગો હું તમારી તમામ ઈચ્છા પુર્ણ કરીશ.

આટલું સાંભળતાં બંન્ને ભગવાનના ચરણોમાં પડી જાય છે અને કહે છે કે હે કૃપાનિધાન..આપ અમારી ઉપર પ્રસન્ન થયા છો અને અમારી સન્મુખ પ્રગટ થયા છો તેથી અમારૂં જીવન ધન્ય બન્યું છે આનાથી વધુ શું જોઇએ? બસ આપની કૃપા અમારી ઉપર બનાવી રાખજો.શ્રીહરિ કહે છે કે જો તમારી ઈચ્છા હોય તો તમારા જીવનમાં સંતાનનો અભાવ છે તે પ્રદાન કરૂં.આવું ભગવાનનું વચન સાંભળીને સુંદર અને લીલા વ્યાકુળ થઇને કહે છે કે પ્રભુ અમારે સંતાન નથી જોઇતું. ત્યારે ભગવાને પુછ્યું કે સંતાનની કમી દૂર કરવા માટે તો તમે મારા બાળસ્વરૂપને ઘરમાં લાવ્યા છો.ત્યારે બંન્નેએ કહ્યું કે પ્રભુ અમોને ડર લાગે છે કે અમોને સંતાન થશે તો અમારો મોહ તે સંતાન પ્રત્યે વધી જશે અને અમે આપની સેવા નહી કરી શકીએ.ભક્ત દંપતિનો પ્રેમ અને ભક્તિ સભર જવાબ સાંભળીને કરૂણા નિધાન ભગવાનની આંખમાં આંસુ આવી જાય છે અને કહે છે કે હે મૈયા..હે બાબા..હું તમારૂં ઋણ ઉતારવા માટે આવ્યો હતો પરંતુ આપે તો મને હંમેશના માટે તમારો ઋણી બનાવી દીધો છે. હું તમારા પ્રેમનું ઋણ ક્યારેય નહી ઉતારી શકું.તમે તમારા નિર્મલ પ્રેમથી મને પણ બંધનમાં બાંધી લીધો છે.

હું તમોને વચન આપું છું કે આજથી હું તમારા પૂત્રના રૂપમાં તમારા તમામ કામો કરીશ,તમોને ક્યારેય સંતાનની ખોટ નહી પડવા દઉં.મારૂં વચન ક્યારેય અસત્ય હોતું નથી..આમ કહીને ભક્તવત્સલ ભગવાન બાલગોપાલની પ્રતિમામાં વિલીન થઇ ગયા.તે દિવસથી સુંદર અને લીલાનું જીવન બદલાઇ જાય છે.તેઓએ તમામ કામધંધો છોડીને સમગ્ર દિવસ બાલગોપાલના ભજન કિર્તન અને લાલાની સેવામાં પસાર કરે છે.તેમને ભૂખ તરસ લાગતી નથી.તમામ પ્રકારની ઇચ્છાઓનો ત્યાગ કર્યો છે.

સુંદર ક્યારેક કોઇ કામ કરે છે તો ફક્ત બાળગોપાલના સુંદર સુંદર વસ્ત્રો બનાવે છે અને જ્યારે તેમની સામે કોઇ તકલીફ આવે તો બાળગોપાલ તુરંત જ એક બાળકના રૂપમાં આવીને તેમના તમામ કાર્યો કરે છે.આ દંપતિ અને બાળક સમગ્ર ગામમાં ચર્ચાનો વિષય બને છે પરંતુ ગામના કોઇને એ ખબર નથી પડતી કે આ બાળક કોન છે? ક્યાંથી આવે છે? અને ક્યાં ચાલ્યો જાય છે.

ધીરેધીરે સમય પસાર થાય છે.સુંદર અને લીલા વૃદ્ધ થાય છે તેમછતાં ભગવાનની કૃપા તેમની ઉપર બનેલી રહે છે.હવે બંન્નેનું આયુષ્ય પુરૂ થાય છે અને ભગવાનની પ્રેરણાથી તેમને ખબર પડે છે કે તેમનો મૃત્યુનો સમય નજીક છે.એક દિવસ બંને ભગવાનને પોકાર કરે છે તો ઠાકોરજી તુરંત પ્રગટ થાય છે અને તેમની અંતિમ ઇચ્છા પુછે છે ત્યારે બંન્ને ભક્ત દંપતિ ભગવાનના શ્રીચરણોમાં પ્રણામ કરીને કહે છે કે...

હે નાથ ! અમે અમારા સમગ્ર જીવન દરમ્યાન આપની પાસે કશું જ માંગ્યું નથી,હવે જીવનનો અંતિમ સમય આવ્યો છે એટલે અમે કંઇક માંગીએ છીએ ત્યારે ભગવાન કહે છે કે નિઃસંકોચ આપની જે કંઇ ઇચ્છા હશે તે પ્રત્યેક ઇચ્છા હું પુરી કરીશ.

ત્યારે બાલગોપાલના અગાધ પ્રેમમાં ડુબેલા વૃદ્ધ દંપતિ કહે છે કે હે નાથ..અમે આપને અમારા પૂત્રના રૂપમાં જોયા છે અને આપની સેવા કરી છે અને આપે પણ પૂત્ર સમાન અમારી સેવા કરી છે હવે સમય આવી ગયો છે જેના માટે તમામ માતા-પિતા પૂત્રની કામના કરે છે.

હે દિનબંધુ ! અમારી ઈચ્છા છે કે અમે બંન્ને પતિ-પત્નીના પ્રાણ એકસાથે નીકળે અને જેમ એક પૂત્ર પોતાના માતાપિતાની અંતિમ ક્રિયા કરે છે અને તેમની મુક્તિ પ્રદાન કરે છે તેમ હે પરમેશ્વર..અમારી અંતિમ ક્રિયા આપ આપના હાથથી કરજો અને અમોને મુક્તિ પ્રદાન કરજો.શ્રીહરિએ બંન્નેની ઈચ્છા પૂર્ણ કરવા માટે વચન આપે છે અને બાલગોપાલના વિગ્રહમાં વિલીન થઇ જાય છે.અંતે એ દિવસ આવે છે જ્યારે પ્રત્યેક જીવને આ શરીર છોડવું પડે છે.બંન્ને વૃદ્ધ દંપતિ બિમાર પડે છે.આ દંપતિની ભક્તિની ચર્ચા આખા ગામમાં થતી હતી એટલે ગામના લોકો તેમના હાલચાલ જાણવા તેમના ઘેર આવે છે પરંતુ તે બંન્નેનું ધ્યાન તો શ્રીહરિમાં હતું તેથી કોન આવ્યું અને કોન ગયું તેની ખબર પડતી નથી.

નિયત સમયે એક ચમત્કાર થાય છે તેમની ઝુંપડી એક તીવ્ર અલૌકિક પ્રકાશથી ભરાઇ જાય છે. ઉપસ્થિત તમામ લોકોની આંખો બંધ થઇ જાય છે,કોઇને કંઇ દેખાતું નથી.કેટલાક ઝુંપડીમાંથી બહાર નીકળી જાય છે તો કેટલાક જમીન



ઉપર બેસી જાય છે.શ્રીહરિ દિવ્ય ચતુર્ભૂજરૂપમાં પ્રગટ થઇ દર્શન આપે છે અને પોતાના ખોળામાં તેમના માથા લઇ હાથ ફેરવી પોતાના હાથે જ બંન્નેના નેત્ર બંધ કરે છે.તત્કાળ જ બંન્નેના પ્રાણ નીકળીને શ્રીહરિમાં વિલીન થઇ જાય છે.પંચભૂતોથી બનેલું શરીર પંચભૂતોમાં વિલીન થાય છે.

કેટલાક સમય બાદ દિવ્ય પ્રકાશ લોપ થાય છે.તમામ ઉપસ્થિત ગામજનોની આંખ ખોલીને જોયું તો ત્યાં સુંદર-લીલા કે બાલગોપાલ જોવા મળતા નથી ફક્ત કેટલાક પુષ્પ ધરતી ઉપર પડેલા જોવા મળે છે અને વાતાવરણમાં દિવ્ય સુગંધ ફેલાઇ છે.નવાઇ પામેલ ગામલોકો એ ધરતીને નમન કરે છે અને પુષ્પોને લઇ સુંદર અને લીલાની ભક્તિ અને ગોવિંદના ગુણવાન કરતાં ત્યાંથી ચાલ્યા જઇ પુષ્પોને ગંગામાં વિસર્જીત કરે છે.ભક્ત એ છે જે એક ક્ષણના માટે પણ વિભક્ત થતો નથી.જેનું ચિત્ત ઇશ્વરમાં અખંડ બનેલું રહે છે તે ભક્ત છે.સરળ શબ્દોમાં કહીએ તો ભક્તિના અંતિમ ચરણનો અનુભવ કરનારને ભક્ત કહે છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભક્તિ જીવનનો આધાર છે

ભગવાનને શ્રદ્ધાપૂર્વક ભજવા એ ભક્તિ છે.પ્રેમ અને શ્રદ્ધા ભક્તિના આધારસ્તંભ છે.ભક્તિથી ઇશ્વરીય પ્રેમ,દિવ્યતા,પરમાનંદ અને વિશ્રામ મળે છે.ભક્તિમાં ભક્ત,ગુરૂ અને પ્રભુની પ્રમુખ ભૂમિકા છે. ભગવાનને જાણ્યા પછી જ ભક્તિની શરૂઆત થાય છે.હરદેવવાણીમાં કહ્યું છે કેઃ જેની ભક્તિ જેની પૂજા તેનું જ્ઞાન જરૂરી છે, કહે હરદેવ પહેલાં ઇશ્વરની ઓળખાણ જરૂરી છે..

ઇશ્વરની ઓળખાણ માટે ઇશ્વરનું સાકાર સ્વરૂપ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની જરૂર છે.જે ઇશ્વરનું દર્શન કરાવી અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરી મુક્તિનો માર્ગ બતાવી જીવન સફળ કરે છે.આત્મજ્ઞાન મળ્યા પછી હું કોન છું? ક્યાંથી આવ્યો છું? અંતે મારે ક્યાં જવાનું છે? તેનું જ્ઞાન થયા પછી સદગુરૂ પ્રત્યે સમર્પણ ભાવ થવો એ ભક્તિ છે.

સદગુરૂ જે ઇશ્વરનાં દર્શન કરાવે છે તેનું સ્વરૂપ અજર-અમર, નિરંજન નિર્ગુણ-નિરાકાર, અવ્યક્ત, અખંડ-અવિનાશી, સવર્દ્રષ્ટા,સર્વશક્તિમાન જડચેતનમાં વ્યાપ્ત અમારી અંગસંગ અને સ્થિર છે.ઇશ્વર પ્રેમ સ્વરૂપ હોવાથી પ્રેમથી પ્રગટ થાય છે.રામાયણ કહે છે કે "હરી વ્યાપક સર્વત્ર સમાના,પ્રેમ તે પ્રગટ હોઇ મેં જાના.."આખી દુનિયા જેના વશમાં છે તે ઇશ્વર ભક્તોના વશમાં હોય છે એટલે સાચા સુખની ઇચ્છા હોય તો આવા ઇશ્વરની શરણાગતિની જરૂર છે.સદગુરૂ કૃપાથી બ્રહ્માનુભૂતિ થયા બાદ ભક્તો એક ઇશ્વરનો આશરો-સહારો લઇ જીવન વ્યતિત કરે છે, તેને સમજ આવી જાય છે કે હું ઇશ્વરથી અલગ નથી,ઇશ્વરનો સનાતન અંશ છું.હું શરીર નહી પરંતુ શરીરમાં રહેલ ચેતનસત્તા આત્મા છું.આ પંચભૌતિક શરીરનો નાશ થયા બાદ હું મારા મૂળ સ્વરૂપ નિરાકાર પ્રભુ પરમાત્મામાં લીન થઇ જઇશ.

ભગવાન શ્રીકૃષ્ણજીએ શ્રીમદ્ ભગવદ ગીતા (૭/૧૬) માં ચાર પ્રકારના ભક્તો મારૂં ભજન કરે છે તેમ કહ્યું છે.(૧) અથાર્થી-જેની પોતાની ન્યાયયુક્ત સુખ સુવિધાઓની ઇચ્છા થઇ જાય તેને બીજા પાસેથી નહીં પરંતુ ફક્ત ભગવાન પાસેથી જ ઇચ્છે છે.પૂર્વના સંસ્કારોથી તેની ધનની ઇચ્છા રહે છે અને તે ધનના માટે ચેષ્ટા પણ કરે છે પરંતુ તે સમજે છે કે ભગવાન સમાન ધનની ઇચ્છા પૂરી કરવાવાળો બીજો કોઇ નથી.ધન પ્રાપ્ત કરવા માટે તેનો ભગવાન ઉપર જ વિશ્વાસ અને નિષ્ઠા હોય છે.જેમની ધનની ઇચ્છા તો છે પરંતુ તેની પ્રાપ્તિના માટે તે સાંસારીક ઉપાયોનો સહારો લે છે અને ક્યારેક ધનને માટે ભગવાનને પણ યાદ કરી લે છે તે ફક્ત અથાર્થી એટલે કે તે ભગવાનનો નહીં પરંતુ અર્થનો જ ભક્ત છે કારણ કે તેનામાં ધનની ઇચ્છા જ મુખ્ય છે.

(૨) આર્ત-પ્રાણ સંકટમાં આવતાં..આફત આવતાં..મનને પ્રતિકૂળ ઘટના થતાં જેઓ દુઃખી થઇને પોતાનું દુઃખ દૂર કરવા માટે ભગવાનને પોકારે છે અને દુઃખને દૂર કરવાનું ફક્ત ભગવાન દ્વારા જ ઇચ્છે છે તથા બીજા કોઇ ઉપાયને કામમાં લેતા નથી તેઓ આર્ત ભક્ત કહેવાય છે.

(૩) જિજ્ઞાસુ-જેનામાં પોતાના સ્વરૂપને..ભગવત્તત્વને જાણવાની જોરદાર ઇચ્છા જાગ્રત થઇ જાય છે કે વાસ્તવમાં મારૂં સ્વરૂપ શું છે? ભગવત્તત્વ શું છે? આ રીતે તત્વને જાણવા માટે શાસ્ત્ર ગુરૂ અથવા પુરુષાર્થ (શ્રવણ મનન નિદિધ્યાસન..વગેરે ઉપાયો)નો પણ આશ્રય ન રાખતાં ફક્ત ભગવાનને આશ્રિત થઇને એ તત્વને ફક્ત ભગવાનથી જ જે જાણવા ઇચ્છે છે તે જિજ્ઞાસુ ભક્ત કહેવાય છે.

(૪)જ્ઞાની-જ્ઞાની ભક્તને અનુકૂળમાં અનુકૂળ અને પ્રતિકૂળમાં પ્રતિકૂળ પરિસ્થિતિ, ઘટના, વ્યક્તિ, વસ્તુ વગેરે બધું ભગવત્સ્વરૂપ જ દેખાય છે.તેને અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ફક્ત ભગવત લીલા જ દેખાય છે.જ્ઞાની ભક્તોમાં સહેજપણ કોઇ ઇચ્છા હોતી નથી તેઓ ફક્ત ભગવાનના પ્રેમમાં જ મસ્ત રહે છે.

ભગવાન શ્રીરામે શબરીને જે ભક્તિનો ઉપદેશ આપ્યોન તે ભક્તિ નવ પ્રકારની બતાવવામાં આવી છે.આ નવમાંથી કોઇ એક પણ ભક્તિ ઉપર પહોચેલ વ્યક્તિ ભક્તિના તમામ સોપાનને પ્રાપ્તે કરી ભગવાનનો પ્રિય પાત્ર બની જાય છે.

ભક્તિના આ નવ સોપાનમાં સર્વપ્રથમ સોપાન સત્સંગ કહીને એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભક્તિના પુસ્તકનો પહેલો પાઠ સત્સંગમાં જવું અને બીજો પાઠ સત્સંગમાં પહોચીને ત્યાં થઇ રહેલા પ્રભુ પરમાત્માના ગુણાનુવાદમાં રસ લેવો તે છે.ભક્તિના ત્રીજા સોપાનને સુગમતાથી સમજવા ત્રણ ભાગોમાં વિભાજીત કરીએ.ભક્તિના માટે ગુરૂચરણોની સેવા અનિવાર્ય છે,આ સેવા શ્રદ્ધાપૂર્વક કરવી જોઇએ,આ સેવા અને શ્રદ્ધાનું મનમાં અભિમાન ન આવવું જોઇએ.નિષ્કપટભાવથી પ્રભુ પરમાત્માના ગુણાનુવાદ કરવા એ ચોથી ભગતિ છે.આનો ક્રમ ગુરૂ સેવા પછી રાખ્યો છે તેના બે અભિપ્રાય છે.ગુરૂસેવા કરવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારબાદ જ ખબર પડે છે કે બ્રહ્મ શું છે? અને ત્યારબાદ જ પ્રભુના ગુણ ગાઇ શકાય છે.

દૃઢ વિશ્વાસની સાથે ભગવાનના મંત્રનો જપ(સુમિરણ) કરવો એ જ વેદમાં વર્ણિત પાંચમી ભક્તિ છે.ઉપદેશના સમયે સદગુરૂ દ્વારા જે બીજમંત્ર આપવામાં આવે છે તેનો જપ કરવો શ્રેયકર છે. ભક્તિનું છઠ્ઠું સોપાન શબરીને સમજાવતાં ભગવાન શ્રી રામે તેના ચાર ભાગ કર્યા છે.દમઃ ઇન્દ્રિયોને તેના વિષયોથી હટાવવી, શીલઃ પરોપકાર,સદાચાર અને શિષ્ટતા, બિરત બહુ કરમાઃ અનેક કર્મોનો ત્યાગ.નિરત નિરંતર સજ્જન ધરમા.સંતજીવનની મર્યાદાનું પાલન.

ભક્તનો પોતાના સદગુરૂના પ્રત્યે પ્રેમ દ્રઢ થતાં દરેક જગ્યાએ, દરેક વસ્તુમાં તેમને પોતાના પ્રભુના દર્શન થવા લાગે છે.આ ભક્તિનો સાતમો પ્રકાર છે.ભક્ત કણકણમાં પ્રભુનાં દર્શન કરે છે. હરિ-ગુરૂ કૃપાથી સંત જયારે ભક્તિની ઉચ્ચત્તમ ભૂમિકા ઉપર પહોંચવાની તૈયારીમાં હોય છે તે સમયે તેમને બે કામનાઓ નીચેની તરફ ખેંચે છેઃધન વૈભવ પ્રાપ્ત કરવાની ઇચ્છા અને સન્માન પ્રાપ્ત કરવાની ઇચ્છા તેથી ભગવાને કહ્યું છે કે પોતાના કર્મ અનુસાર જેટલું ધન મળે છે તેમાં સંતોષ રાખવો તથા સ્વપ્નમાં પણ કોઇના દોષ ના જોવા આ મારી આઠમી ભક્તિ છે.ભક્તિનું અંતિમ સોપાનનું વર્ણન કરતાં ભગવાન શ્રી રામ શબરીજીને સમજાવે છે કે નવમી ભક્તિમાં ભગવાને ભક્તના ત્રણ ગુણોની ચર્ચા કરી છે.હૃદયની સરળતા અથવા નિશ્ચલ વ્યવહાર,ફકત પ્રભુ પરમાત્મા ઉપર ભરોસો(વિશ્વાસ) રાખવો અને માયાના સુખ-દુઃખમાં સુખી-દુઃખી ના થવું,સમભાવ રાખવો.

ઇશ્વરભાઇ મકવાણા
નિરંકારી
અમદાવાદ હાલઃકેનેડા-
૮૬૦૫૪૪૨૮૬૧

# જીવનઝરમર

શ્રી મહેન્દ્ર ઝવેરચંદ મેઘાણીનું અવસાન તા. ૩ ઓગસ્ટ ૨૦૨૨ રાત્રે ૮ વાગે થયું છે. ૨૦મી જૂને એમણે એકસોમાં વર્ષમાં પ્રવેશ કરેલો.

અબુલ/મંજરી/ગોપાલ/અંજની

લોક મિલાપ......

૧૯૪૪–બે વર્ષ લેખક-પત્રકાર પિતા સાથે કાર્ય કર્યું ૧૯૪૮–ન્યુયોર્કના ગુજરાતી દૈનિક " નૂતન ગુજરાત માટે લેખમાળા લખી

૧૯૫૦ – ૧૯૭૮ - ન્યૂ યોર્કથી પાછા ફરીને મુંબઈમાં " લોકમિલાપ કાર્યાલય " શરૂ કર્યું, માસિક સામયિક 'મિલાપ'પણ શરુ કર્યું જે ભારતીય ભાષાઓમાંનું સૌ પ્રથમ ડાયજેસ્ટ બન્યું અને ગુજરાતનાં પ્રમુખ સામયિકોમાં સન્માનિત રહ્યું.

લોક મિલાપ સંસ્થાના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય ધોરણે અનેક દેશોમાંનાં કુટુંબોએ એકબીજાં સાથે જોડાઇને સાંસ્કૃતિક આપલેની યોજના અમલમાં મૂકી.

૧૯૫૩ – યુ.એસ.એસ.આર,પોલેન્ડ યુગોસ્લાવિયા એક પત્રકાર અને જન્મભૂમિના પ્રતિનિધિ તરીકે પંડિત જવાહરલાલ નહેરુ સાથે ગયા. તે પ્રવાસ બાદ લોક મિલાપ કાર્યાલયનું ×લોક મિલાપ ટ્રસ્ટ"માં રૂપાંતર કર્યું,જેના સાંનિધ્યે પછી ઉત્તમ પુસ્તકોના પ્રકાશનનું તથા સાંસ્કુતિક પ્રવ્રુત્તિઓનું કાર્ય ઉપાડ્યું.

૧૯૬૯ – ગાંધી શતાબ્દી વર્ષદરમિયાન એકલે હાથે પાંચ ખંડોના અનેક દેશોનો પ્રવાસ ખેડીને ભારતીય પુસ્તકોનાં પ્રદર્શનો ભર્યાં ! આફ્રિકા,અમેરિકા,એશિયા,યુરોપના દેશોમાં તેમણે પુસ્તકોના જ માધ્યમથી ભારત માટે આંતરરાષ્ટ્રીય સમજણ ફેલાવવાનું પ્રતિનિધિરૂપ કાર્ય કર્યું.

૧૯૭૨થી – ઉત્તમ ગુજરાતી પુસ્તકોના પ્રકાશનોના પ્રોજેક્ટો હાથ ધર્યા છે.આગોતરા ગ્રાહકો નોંધીને અને એ રીતે સામે ચાલીને પુસ્તકોની માંગ કરનારા લાખો ગ્રાહકો ઉભા કરીને ઐતિહાસિક પગલું માંડ્યું, જેણે કલ્પી ન શકાય એટલી નીચી કિંમતે લાખોની સંખ્યામાં પુસ્તકોના વેચાણની સિધ્ધિ હાંસલ કરી આપી ।

૧૯૮૭થી – ખૂણા ખૂણાના,દૂર દૂરના પ્રદેશોમાં જઇ ઉપરાંત સેંકડો કુટુંબોમાં જીવનચરિત્ર જેવાં પુસ્તકો પોતે વાંચ્યાં અને વંચાવ્યાં.

૧૯૮૮થી – ઉપરોક્ત વાચનવાળાં પુસ્તકોને અદ્ભુત,અકલ્પ્ય અને અપૂર્વ કહેવાય તેવો પ્રોજેક્ટ હાથ ધરીને ૧૦૦-૧૦૦ પાનાંની એક એક પુસ્તિકાને લાખ લાખ કૉપીમાં છાપીને તેનું રૂ.૭ અને ૧૫ જેટલી નજીવી કિંમતે વેચાણ કર્યું.આ કિંમત આજના બજાર ભાવે એક પંચમાંશ ગણાય આ સદીની શરૂઆતથી જ તેમણે પોતાનાં ૫૦ વર્ષોના વાચનના દરિયામાં ડૂબકી લગાવીને કસી કસીને પસંદ કરેલાં મોતી જેવાં લખાણોનો સંગ્રહ મારી અર્ધી સદીની વાચનયાત્રા " નામે પ્રગટ કરીને વેચાણ વિશ્વમાંવિક્રમ સ્થાપ્યો! આ દળદાર ગ્રંથોના પ્રથમ ત્રણ ગ્રંથોની ૨,૦૦,૦૦૦ પ્રતો રૂ.૭૫ની નજીવી કિંમતે તેમણે અકલ્પ્ય ઓછા સમયમાં વહેંચી ! ચોથો ભાગ પણ તાજેતરમાં પ્રસિધ્ધ થયો છે.ગુજરાતના જાણીતા પુસ્તક પ્રસારક-પ્રકાશક, સંક્ષેપકાર, સંપાદક અને અનુવાદક મહેન્દ્ર ઝવેરચંદ મેઘાણી ૯૯ વર્ષની વયે અવસાન પામ્યા છે. 'લોકમિલાપ' ના સ્થાપક-સંપાદક મહેન્દ્ર મેઘાણી ગુજરાતમાં 'ગ્રંથના ગાંધી' બિરુદ પામ્યા હતા અને અત્યારે ૯૬ વર્ષની ઉંમર સુધી પણ લેખન-વાચનમાં યથાશક્તિ વ્યસ્ત રહ્યા હતા.

પોણી સદીથી મહેન્દ્ર મેઘાણીએ પુસ્તકો તેમજ સામયિકોનાં લખાણોનાં સંક્ષેપ, સંકલન, સંપાદન, પ્રકાશન, પ્રદર્શન અને નીવડેલા સાહિત્યનાં સમૂહવાચન થકી વાચન-પ્રસારનું કામ કર્યું હતું.

# ચાલો ઈડીના દરોડા દરોડા રમીએ

મે હાલની પરિસ્થિતિથી કંટાળ્યો છો? માસ્ક ,સેનેટાઈઝર , વેકસિન, દવા, ઈન્જેકશ, ઓકસિજનના ધાંધિયાથી અકળાયેલા છો? કંઇક હટકે કરવા કે જીવવા ઇચ્છો છો? મોનેટોનસ જીવનથી ફેડઅપ થયા છો? જબરું બોરિયત ફીલ કરો છો? કંઇક થ્રીલ ફિલ કરવું છે? જીવન પ્રવૃતિમય કરવું છે?

તમારી મુશ્કેલીઓ આફતને અવસરમાં પલટાવવી છે? તો કમર કસીને તૈયાર થઈ જાવ. દોસ્તો તુમ્હારા પડોશવાલા કે પડોશવાલી કા દિલ થાન કે બેઠો!! ( બોસ માહોલ જામી ગયોને? આમ, માહોલ જમાવો અટલે અડધો જંગ જીતી ગયા. શું કહો છો? જવાબ- તમે બધું કીધું છે મને કયાં તક મળી છે)

તમે કદી જે રમત રમ્યા નથી તે રમત રમીએ. ચાલો દરોડા દરોડા રમીએ!!

આ રમત રમવા માટે ચમચમાતી ત્રણ ચાર કાર, બે ત્રણ સૂટ પહેરેલા કોથળા, અંક બે ફ્રેન્ચ કટ દાઢીવાળા, એક બે ચાલવાના પ્રભાવશાળી અધિકારી. વેઈટ પ્રભાવશાળી અને અધિકારી. યહ બાત હજમ નહીં હુઇ. પ્રભાવશાળી હોય તે અધિકારી ન હોય અને વાઇસે વરસા અધિકારી હોય તે પ્રભાવશાળી ન હોય. જે આર્ટિકલ એકત્ર કરીએ એમાં સાઉથ ઇન્ડિયન એસેન્ટવાળા અધિકારી જોઈશે. થોડાંક બબુચક કલાર્ક તેમજ પ્યુન, ડ્રાઈવર ટાઇપ પણ જોઇશે. નાની મોટી સાઇઝના બિલોરી કાચ ,સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી,છીણી, કરન્સી નોટ ગણવાના મશીન પણ લોકેશન પર હાજરાહજૂર જોઇશે . હિસાબની માથાફોડ કરવા સીએ અને લટકણિયા જોઇશે. ભીડને કંટ્રોલ કરવા પોલીસ પેરા મિલિટરી ફોર્સ, ફોટોગ્રાફી માટે રીસોર્સ પર્સન જોઈશે.આમ તો હાથકડી , દોરડું ફોટોગ્રાફર પણ જોઈશે.

મનમાં નક્કી કરો કે દરોડો પાડવો છે એટલે કામની ઈતિશ્રી થશે નહીં . દરોડાનું સ્વરૂપ અને પ્રકાર નક્કી કરવા પડશે. એ પછી દરોડા પાડવાના સત્તાધીશ બનવું પડે. ન સમજાયું ?? ઉદાહરણ તરીકે કવિની બિનહિસાબી બે નંબરની કવિતા મોટાભાગે તથાકથિત પ્રેયસી કે એકતરફી પ્રેયસીને ઉદેશીને લખેલ હોય!! આવા લબડું ગબડું કવિને ત્યાં દરોડો પાડવા વિવેચકને મોકલવા કરતાં કવિના માથાભારે ને માથાફરેલા શ્રીમતી દરોડો પાડશે તો દરોડો સફળ થશે.

શ્વાસના જાણીતો સ્રોત કરતાં અપ્રમાણસર ઉચ્છવાસ ધરાવનારને ત્યાં એસીબીની રેડને બદલે રદીવાળો કે પસ્તીવાળો રેડ કરે તો રેડ સફળ જ રહેશે.

કોને ત્યાં અને કયા કારણસર દરોડો પાડવો તેની ગુપ્ત માહિતી ખુલ્લી રીતે તે વિસ્તારના પાનવાળા, ચાવાળા કે સિકસુરીટી કે ડ્રાઇવરને કળી ચુનો ફોડીએ તેમ ફોડવાથી મળશે.

કયા અને ક્યારે દરોડો પાડવો તે પણ અગત્ય ધરાવે છે. જેમ કે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરીકે મીઠાઈવાળાને ત્યાં વહેલી સવારે દરોડા પાડવાના બદલે સવારે કે સાંજે દરોડો પાટવાથી નાસ્તાનો પ્રોબ્લેમ આપોઆપ સોલ્વ થઇ જશે અને ટ્રાન્જેકશનની ખબર પડશે તે લટકામાં.

અખબાર સમુહ પર દરોડો પાડવાથી આ બૈલ મુજે માર જેવી ફજીહત થશે.

ઈક્રમ ટેકસ કે એન્ફોર્સમેન્ટ અધિકારી તરીકે દરોડો પાડો તો તુમાખીની માત્રા ફૂલ રાખવી અને ભૂલમાં પણ ગુજરાતી ભાષા આવડતી હોય તે પણ ઇંગ્લિશમાં જ ફફડાવવું નહીં તો કોઇ તમને યેડા સમજશે. આ દરોડામાં ત્રેંત્રીલ ટકા સ્ટાફ સાઉથ ઈન્ડયન રાખવો .જે તામિલ કે મલયાલમ લહેકા અને લહેજામાં હિન્દી-ઇંગ્લિશમાં બોલશે અટલે દરોડાની ગ્રેવિટી આપોઆપ આવશે.

ચાલો હવે ખરેખર દરોડો પાડીએ. તમને થશે કે કયાં સ્થળે,કોને ત્યાં,કેટલા વાગ્યે દરોડો પાડવાનો છે? ખલાસ તમે સીતાનું હરણ થયા પછી હરણની સીતા થઇ કે નહીં જેવો ચાઇલ્ડીશ સવાલ કરો છો? અરે ભાઇ ખાનગી કામગીરી છે. તેના વોટસએપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર સ્ટેટસ અપડેટ ન કરવાના હોય!! ચુપચાપ ઓફસના દરોડાના ડબ્બા ગાડીમાં બેસી જાવ. ફોન લેપટોપ જમા કરાવી દો. ફિલ્મોમાં કિડનેપર જેનું કિડનેપિંગ કર્યું હોય તેની આંખે કાળા કલરની પટી બાંધે છે તેમ પટી બાંધી નથી.

ચલો ધડાધડ ઉતરી જાઓ અને ગુરૂ હો જા શરૂ!! માથે ફેલ્ટ અને લોંગ ઓવરકોટ અને હોલબુચ પહેરેલા મહાન જાસૂસ કરમચંદ કે વ્યોમકેશ બક્ષીની માફક જાડા મોટા બિલોરી કાચ લઇ છાનબીન શરૂં કરો. બેત્રાણ જઈને લોકપ તિજોરીની ચાવી માંગો. ન મળે તો ડીજીટલ પાસવર્ડ વાળા લોકર છીણી હથોડાથી તોડી લોકરની તલાશી લો. આ શું? લોકરમાંથી દોઢસો વરસ જુના છાપા નીકળ્યા? ઓહ નો!! નક્કી કંઈ કોડવર્ડ માટે છાપા રાખ્યા લાગે છે!!

બે ચાર જણ દિવાલ પરના કરોળિયાના જાળા ચકાસો. તેમાં સોના ચાંદી છુપાવ્યા હશે?

અરે પેલા મુનીમને બધા માટે ગરમ નાસ્તો -ચાની વ્યવસ્થા કરવાનું કહી દો. એ તો એના જ ખર્ચે હોયને કમિશનરના ગગાના લગ્ન થોડા લીધા છે. પેલા પીઆરઓને કહી દો કે પ્રેસ રીલીઝ કરી દે કે દરોડામાં સંદિગ્ધ અસંદિગ્ધ વાંધાજનક પુરાવા હિસાબી ચોપડા સાહિત્ય મળેલ છે. દરોડા મોડી રાત કે સવાર સુધી ચાલશે,.

અરે, યાર પેલા મુખબીર,ખબરી, બાતમીદારને આપણા વહીવટદારનો નંબર આપી દો . જેથી અંડર ટેબલ ભીનું સંકેલી શકાય!!!

ભરત વૈષ્ણવ

૩.૮.૨૦૨૧.ઈહાસ્યલેખ

........................

## બેઠો છું


તમે માનો તો ઠીક છે,
પળ પકડવા બેઠો છું
હવામાં એની હાજરી,
જળ પકડવા બેઠો છું
કેમ કરતા હા પાડી?
છળ પકડવા બેઠો છું.
ચાદર અકબંધ છે,
સળ પકડવા બેઠો છું.
રસ્સી હજુ કયાં બળી?
વળ પકડવા બેઠો છું.
કયાંથી કયાં જાય છે?
તળ પકડવા બેઠો છું
આકાશી ખેતી કાજે,
હળ પકડવા બેઠો છું.
તમે માનો તો ઠીક છે,
ચળ પકડવા બેઠો છું!!

ભરત વૈષ્ણવ

૧.૮.૨૦૨૨.ઈંકવિતા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



શ્રાવણ.માસ નિમિત્તે એક નાનકડો પ્રયાસ કરું છું..

પવિત્ર માસ માં મહાદેવજી ની વધુ ઉપાસના થાય એ માટે. એક મહિનો શિવ કથા મોકલવાનો પ્રયાસ કરીશ ????

આપના નવરાશના સમય માં વાંચી ને જીવન ધન્ય બનાવશો..

NOG SS No: 001

પ્રકાર: ગદ્ય

શિર્ષક : શિવકથા (શિવ પુરાણ આધારિત)

વિષય : શિવજી નું.મહત્વ

કથા ૧..માસ શ્રાવણ સુદ એકમ (૨૯/૭/૨૦૨૨)

રુદ્ર પ્રાગટય અને બ્રહ્મા ને શ્રાપ ની કથા

જ્યારે આ સમગ્ર બ્રહ્માંડ માં શૂન્ય અવકાશ હતો..કંઈપણ ન હતું ત્યારે એક દિવ્ય સ્તંભ ઝળહળતો હતો..

જેમાંથી ૨ દિવ્ય જ્યોત પ્રગટ થઈ
એક ઉપર બ્રહ્માંડ માં ગયું
અને એક ક્ષીર સાગર સમુદ્ર માં

કરોડો વર્ષની તપસ્યા બાદ બંને ને જાણવાની ઈચ્છા થઇ કે અમોને પ્રગટ કરનાર કોણ..?

ત્યારે દિવ્ય સ્તંભ ની નીચે જે શોધ કરવા ગયા તે આદિ નારાયણ બન્યા..અને આકાશ માં ગયા તે બ્રહ્માજી..પરંતુ અભિમાન આવ્યું કે બ્રહ્માંડ માં સૌથી મોટું કોણ..એટલે એક શરત મૂકી કે જે આ દિવ્ય સ્તંભ નો છેડો ગોતે એ સૌથી મોટા ભગવાન..

આદિ નારાયણ પાતાળ સુધી ગયા પરંતુ કોઈપણ ના મળ્યું એટલે એમને દિવ્ય સ્તંભ ને નમસ્કાર કર્યા અને ઉભા રહી ગયા પણ ચતુરાઈ પૂર્વક બ્રહ્માજી એ એક કેતકી ના પુષ્પ ને કીધું કે જો તું બોલી આપે કે મેં આ દિવ્ય સ્તંભ નો છેડો પામી લીધો તો હું તને વરદાન આપીશ એટલે કિતકી પુષ્પ માની ગયું..બંને ભેગા થયા અને આદિ નારાયણ સામે કેતકી એ ખોટી જુબાની આપી..એવામાં દિવ્ય સ્તંભ માંથી એક કાળ પુરુષ પ્રગટ થયા ક્રોધિત થઈ ને ખોટી જુબાની આપવા બદલ કેતકી ને શ્રાપ આપ્યો કે આજ પછી મારી પૂજા માં તારું સ્થાન નહિ મળે અને

બ્રહ્મા ને જણાવ્યું કે તમેં ખોટું બોલ્યા છુઓ એટલે પાંચમું મુખ નું હું છેદન કરું છે અને બ્રહ્માનું પાંચમું મુખ કપાઈ ગયું..

અને નારાયણ સત્ય હતા એટલે એ મહાદેવના આરાધ્ય દેવ બન્યા..અને જણાવ્યું કે હે બ્રહ્મા અને નારાયણ હું એજ છું જેની તમે આ દિવ્ય સ્તંભ માં શોધ કરો છો..

અનંત કાળ થી મેજ વિનાશ કરેલ સૃષ્ટિ ની ઉત્પતિ માટે મેં તમારું પુનઃ સર્જન કર્યું છે..

કાળક્રમે તમારો અંત થાય છે મારો નહિ..હું જ છું મહારુદ્ર

આમ શિવપુરાણ માં પ્રથમ ભાગ માં રુદ્ર ઉત્પતિ ની કથા નું વર્ણન જોવા મળે છે..

જય મહાકાલ હર હર ભોલે..

શિવ પુરાણ (૩૦/૭/૨૦૨૨)

કથા ૨ શ્રાવણ સુદ બીજ

કાશી ની સ્થાપના અને કાલ ભૈરવ ની કથા .ભાગ ૧ માં જોયા મુજબ

બ્રહ્માજી ને વિષ્ણુ અને પુરાણો એ સમજાવ્યા કે મહાદેવ જ સૌથી મોટા અને અજર અને અમર છે..

પરંતુ અભિમાની બની ગયેલા બ્રહ્માજી એ કોઈની વાત સમજી નહિ..

અપીતું અજ્ઞાનવશ બ્રહ્માજી એ શિવ ને કીધું કે તું મારો પુત્ર છે મારી શરણ માં આવી જા

ત્યારે ક્રોધિત થયેલા મહાદેવ એ તત્કાલ ભૈરવ પ્રગટ કર્યા અને બ્રહ્માજી નું પાંચમું મુખ છેદન કરવાની આજ્ઞા આપી..મુખ છેદન થતા કાલ ભૈરવ ને બ્રહ્મ હત્યા નું પાપ લાગ્યું એટલે..એ ભિક્ષા વૃત્તિ કરવા વારાણસી કાશી માં ચાલ્યા ગયા..પરંતુ ત્યાં પણ બ્રહ્મ હત્યા તેનો પીછો કરવા લાગી..

ત્યારે એ સમયે વિષ્ણુ એ આપેલા કાલ ભૈરવ ને ચીમટો અને કપાલ કાશી ક્ષેત્ર માં પડી ગયા અને ત્યાં સ્થિર થઈ ગયા..અને એ તીર્થ નું નામ કપાલમોચન પડ્યું અને આજે પણ કાશી ના આ કપાલમોચન તીર્થ માં જઈને ગંગા સ્નાન તથા દેવ ઋષિ પિતૃ તર્પણ કરવાથી મનુષ્ય બ્રહ્મ હત્યા માંથી મુક્ત થાય છે..જેનું વર્ણન શિવ પુરાણ માં બીજી કથા માં જોવા મળેલ છે..

હર હર મહાદેવ..

જય મહાકાલ..

શિવ કથા ભાગ ૩ (૩૧/૭/૨૦૨૨)

શ્રાવણ સુદ ત્રીજ

શિવજીનાં બાર જ્યોર્તિલિંગોનું વર્ણન છે. આ જ્યોર્તિલિંગોમાં ક્રમશઃ સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, અમ્લેશ્વર, કેદારનાથ, ભીમેશ્વર, વિશ્વનાથ, ત્ર્યંબકેશ્વર, વૈદ્યનાથ, રામેશ્વર, નાગેશ્વર અને ઘુશ્મેશ્વર છે.ભગવાન વિષ્ણુ દ્વારા શિવજીનાં સહસ્ત્ર નામોનું વર્ણન પણ છે. સાથે શિવરાત્રિ વ્રતના માહાત્મ્યના સંદર્ભમાં પારધી અને સત્યવાદી મૃત પરિવારની કથા પણ છે.

શિવ પુરાણ અનુસાર એક વખત બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે સૃષ્ટિની રચનાના આધિપત્યને લઈને વિવાદ થયો. તેમની પરીક્ષા કરવા, શિવજી એજ ત્રણે લોકને ભેદતું એક અંતહીન જ્યોતિર્લિંગ બનાવ્યું. તેનો અંત કે સ્રોત શોધાવા બ્રહ્મા નીચે તરફ અને વિષ્ણુ ઉપર તરફ ગયા. તેમને આનો છેડો મળી ગયો એમ બ્રહ્માજી અસત્ય બોલ્યાં જ્યારે વિષ્ણુએ પોતાની હાર સ્વીકારી. શિવજી એક અન્ય સ્તંભ તરીકે પ્રગટ થયાં અને તેમણે બ્રહ્માને શાપ આપ્યો કે કોઈ પણ પૂજા-અર્ચના આદિમાં તેમનું કોઈ સ્થાન નહીં રહે જ્યારે અનંતકાળ સુધી લોકો વિષ્ણુની પૂજા કરશે.ભારતમાં આવા બાર જ્યોતિર્લિંગો છે જેને સ્તોત્રનાં રૂપે નીચે મુજબ ગાવામાં આવે છે. જ્યોતિર્લિંગોની યાદી નીચે મુજબ છે.

સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ ।
ઉજ્જયિન્યાં મહાકાલમં ચ ૐકારમમલેશ્વરમ્
પરલ્યાં વૈદ્યનાથં ચ ડાકિન્યાં ભીમશઙ્કરમ્ ।
સેતુબન્ધે તુ રામેશં નાગેશં દારુકાવને ॥૨॥
વારાણસ્યાં તુ વિશ્વેશં ત્ર્યમ્બકં ગૌતમીતટે ।
હિમાલયે તુ કેદારં ઘૃશ્મેશં શિવાલયે ॥૩॥
એતાનિ જ્યોતિર્લિંગાનિ સાયં પ્રાતઃ પઠેન્નરઃ ।
સપ્તજન્મકૃતં પાપં સ્મરણેન વિનશ્યતિ ॥૪॥
॥ ઇતિ દ્વાદશજ્યોતિર્લિઙ્ગસ્મરણં

– 'એ જ સર્વને જાણે છે, એમને કોઈ જાણતું નથી.

શિવ કથા..

શ્રાવણ સુદ ૪ ચોથ. (૧/૮/૨૦૨૨)

સતી જન્મ શીવ સતી વિવાહ દક્ષ યજ્ઞ વિધવંશ અને દક્ષ ને શ્રાપ અને કનખલ ને આશીર્વાદ

ઉપરોક્ત ૨ ભાગ માં જોઈ ગયેલ શિવ પુરાણ મુજબ મહારુદ્ર પરમેશ્વર હતા પરંતુ સૃષ્ટિ ના સર્જન માટે એક સ્ત્રી શક્તિ આદિ શક્તિ જરૂરી હતી..

એટલે પ્રકૃતિ માંથી આદિ શક્તિ પ્રગટ થયા અને વાયુ મંડળ માં સ્થાન બનાવ્યું..

આ તરફ બ્રહ્મા નું પાંચમું મુખ કપાયેલ હોય જેથી એમનો ૪ ઋષિ કુમાર ઉપરાંત દક્ષ પ્રજાપતિ પણ હતા જેને ઘેર ૨૬ દીકરીઓ હતી..

પરંતુ એમને આદિ શક્તિ ના તપ દ્વારા એક વરદાન માગ્યું અને એક દિવ્ય તેજ અને શક્તિઓ વાળી એક દીકરી વરદાન માં માંગીસમય જતાં આ પૃથ્વી ના પ્રથમ પ્રજાપતિ દક્ષ ના ઘેર સતી નો જન્મ થયો..પિતાનું મુખ કપાઈ જવાથી દક્ષ શિવ થી ઘૃણા કરવા લાગ્યા અને એક સમયે દક્ષ ની સભા માં માન આપવા શિવ ઉભા ના થયા એટલે દક્ષને વેર ભાવના ઉતપન્ન થઈ..દક્ષ પ્રજાપતિ ને નહોતી ખબર કે સતી આદિ શક્તિ છે એટલે એ ધીમે ધીમે શિવ ભક્તિ માં વિરક્ત થવા લાગી..પરંતુ દક્ષ એના વિરુદ્ધ હતા..

ઉંમર લાયક થતા સતી નો સ્વયંવર કરવા માં આવ્યો જેમાં વર તરીકે શિવ ની મૂર્તિ ને સતી એ હાર પહેરાવ્યો અને મહાદેવ એ સાક્ષાત પ્રગટ થઈ ને સતી નો પત્ની તરીકે સ્વીકાર કરી હિમાલય માં લઇ ગયા..

વેર અને બદલો લેવાની ભાવનાથી સમય જતાં દક્ષે એક યજ્ઞ નું આયોજન કર્યું અને બધા દેવી દેવતાઓ ને બોલાવ્યા પરંતુ શિવ સતી મેં આમંત્રણ ના આપ્યું..

બહુ સમજાવ્યા છતાં સતી શિવ વાત ના માન્યા અને વગર આમંત્રણ પિતાના ઘેર હવન માં ગયા..પરંતુ ત્યાં શિવ નું અપમાન થયું મહાદેવ ને દક્ષ દ્વારા ગાળો આપવામાં આવી આ સહન ના થતા સતી એ આદિ શક્તિ નું રૂપ લઈને હવનમાં જ શરીર નો ત્યાગ કર્યો..આ ખબર મહાદેવ ને મળતા જ જટા માંથી વિરભદ્ર ઉતપન્ન કર્યા અને દક્ષ નો નાશ કરી બકરા નું મોઢું લગાવ્યું..અને વિરભદ્ર એ સમગ્ર સભા નો નાશ કર્યો..બળેલા શરીર ને લઇ ને મહાદેવ હજારો વર્ષો સુધી બ્રહ્માંડ માં ભટક્યા અને શ્રુષ્ટિ નો સંચાર સ્થિર થઈ ગયોત્યારે આદિ નારાયણ એ ચક્ર દ્વારા સતી ના મૃત શરીર માં ૫૧ કટકા કર્યા જ્યાં જ્યાં સતી ના શરીરના આ ૫૧ કટકા પડ્યા ત્યાં એક શક્તિપીઠ ની સ્થાપના થઇ ગઈ..અને માતાજી તરીકે પૂજાવા લાગ્યા અને એમની રક્ષા માટે એક એક કાલ ભૈરવ મહાદેવ એ ઉતપન્ન કર્યા..દક્ષને એમના પાપ નું ભાન થયું અને બકરા ના મોઢા દ્વારા શિવ ભક્તિ શરૂ કરી..

તથા જ્યાં આ ઘટના બની તે કનખલ ને પવિત્ર કરવા વરદાન મળ્યું કે ત્યાં આદિ કાળ સુધી ગંગા વહન કરશે..મહાદેવ ફરી થી વૈરાગ્ય ધારણ કરી ને હજારો વર્ષો ની તપસ્યા માટે અમરનાથ તરફ પ્રયાણ કર્યું..

હર હર મહાદેવ..

જય મહાકાલ..

જય જય અઘોરાધિપતિ..

શિવ કથા ભાગ ૫ (૨/૮/૨૦૨૨)

રુદ્રાસ ની ઉત્તપ્તિ બાદ મહાદેવ નું હજારો વર્ષ અઘોર સાધના તપસ્યા તરફ પ્રયાણ અને આદિશક્તિ નું પાર્વતી ના રૂપ માં જન્મ જ્યારે મહાદેવ સતીના વિરહ માં વિરક્ત થયા ત્યારે અશ્રુઓ માંથી રુદ્રાક્ષ ની ઉત્તપ્તિ થઈ અને મહાદેવ એ હિમાલય ની આગળ એક સુનસાન ગુફા તરફ પ્રયાણ કર્યું..અને અલગ અલગ રુદ્રાક્ષ નું ફળ કથન આપણે આગળ ના ભાગ ૪ માં જોયું..ત્યારબાદ જેમ જેમ મહાદેવ આગળ ચાલવા લાગ્યા..ત્યારે વૈરાગ્ય ની અસર થી બધી વસ્તુઓ નો ત્યાગ કરવા લાગ્યા..શરૂઆત માં કનખલ થી જેમ જેમ મહાદેવ આગળ ચાલ્યા એ શ્રીનગર તરીકે સ્થળ આજે જાણીતું છે..ત્યાંથી મહાદેવ એ સૌપ્રથમ નંદી નો ત્યાગ કર્યો એ સ્થળ ને પહેલગામ તરીકે ઓળખાય છે જે શ્રીનગર થી ૯૬ કિમિ દૂર છે..ત્યારબાદ આગળ વધતા મહાદેવ ચંદ્ર શેખર તરીકે ઓળખાય છે એટલે જે સ્થળ પર એમને મસ્તક પરના ચંદ્ર નો ત્યાગ કર્યો તે સ્થળ ને ચંદનબાળી તરીકે ઓળખવામાં આવે છે.જે પહેલગામ થી ૧૬ કિમિ દૂર છે..અને ચંદ્ર ને આજ્ઞા કરી ને જ્યાં સુધી તપસ્યા માંથી પરત આવે ત્યાં સુધી રાહ જોવે.ત્યારબાદ આવે છે પીસ્સું ટોપ જ્યાં મહાદેવ એ ત્યાં નિવાસ કરતી જુદી જુદી આસુરી શક્તિઓ નો નાશ કરી ને આજુબાજુ ની પર્વતમાળા ને પવિત્ર બનાવી..દિવ્ય બનાવી..ત્યારબાદ મહાદેવ આગળ ચાલવા લાગ્યા અને શેહશાંગ પહોંચ્યા..જ્યાં મહાદેવ એ પોતાના ગળા ના આભૂષણો સમાન શેષનાગ વાસુકીનો ત્યાગ કર્યો અને જટા માંથી ગંગા ઉતારી ને બ્લુ કલર સમાન એક શેષ સરોવર બનાવ્યું અને ગંગા ને ત્યાં સરોવર રૂપે સ્થિર કર્યા જ્યાં આજે પણ ૨૪ કલાક માંથી એક વાર ભાગ્યશાળી યાત્રાળુઓ ને શેષનાગ ના દર્શન એ સરોવર માં થાય છે..આ સ્થળ ચંદનબાળી થી ૧૨ કિમિ દૂર છે..ત્યાર બાદ મહા ગણેશ માઉન્ટ જગ્યા આવે છે જ્યાં ગણેશજી ની પ્રતિમા બનાવી ને ગણ તરીકે આજુ બાજુ ના વિસ્તાર ની રક્ષા કરવાનું જણાવ્યું..અને જે ઝરણું વહે છે એ અતિશય ઠંડુ પાણી નું બનાવ્યું..અને સૂર્યના અસહ્ય તાપ નો નાશ કરી તે ભૂમિ ને શીતળતા પ્રદાન કરી..ત્યારબાદ ૨૧ કિમિ આગળ પંચ તરણી જગ્યા આવે છે જ્યાં મહાદેવ એ પંચ મહાભૂત પૃથ્વી જળ અગ્નિ વાયુ અને તેજ નો ત્યાગ કર્યો..આ જગ્યા જમીન થી ૧૨૫૦૦ ફૂટ ઉંચાઈ પર આવેલ છે જેનું વર્ણન શિવ પુરાણ માં જોવા મળે છે..અને અહીંથી પાંચ નદી એક સાથે વહે છે જે મહાદેવ એ એની જટા માંથી ઉતપન્ન કરેલ છે અને આજે પણ આ નદીઓ વહન કરે છે અને શ્રદ્ધાળુઓ એમાં સ્નાન કરી ને પવિત્ર બને છે..ત્યારબાદ આવે છે અમર નાથ ગુફા જે જમીન થી ૧૩૫૦૦ ફૂટ ઉંચાઈ પર આવેલ છે ૧૦૦ ફૂટ લાંબી અને ૧૫૦ ફૂટ પહોળી આ ગુફા માં દિવ્ય જ્યોતિ સ્વરૂપે મહાદેવ એ અઘોર તપસ્યા શરૂ કરી..આદિ કાળ સુધી હજારો યાત્રાળુઓ આ યાત્રા કરી ને જીવન ધન્ય બનાવશે અને મારી પરમ કૃપા પ્રાપ્ત કરશે એવું વરદાન અમરનાથ ગુફા ને આપી મહાદેવ સમાધિ માં લિન બની ગયા..આ પ્રથમ વાર મહાદેવ અમરનાથ આવ્યા હતા આગળ કથા માં આવશે મહાદેવ પાર્વતી સાથે પણ બીજી વાર આવેલ અને બરફ ના સ્વયંભૂ શિવ લિંગ તરીકે બિરાજમાન થયા છે..આગળ મહાદેવ એ આદિ શક્તિ ના પરમ દિવ્ય આત્મા ને આજ્ઞા કરી કે તમે હેમાવત ના ઘરે (હિમાલય મહારાજ અને મેનાવતી રાણી) ના ઘરે પાર્વતી તરીકે જન્મ ધારણ કરો..આજ્ઞા નું પાલન કરતા આદિ શક્તિ એ લીલા એવી બનાવી કે એક વખત રાજા હેમાવત ને રાણી મેનાવતી જંગલ મા રાત્રી વાસ કરવાની સ્થિતિ આવી ગઈ..અને જે જગ્યાએ રાત્રી વાસ કરતા હતા ત્યાં સતી નું એક અંગ શક્તિપીઠ તરીકે બિરાજમાન હતું જેનું આસુરી તત્વો થી હેમાવત એ રક્ષા કરી..અને અસુરો સાથે યુદ્ધ કરી રક્ષા કરી એટલે આદિ શક્તિ એ હેમાવત ને વરદાન આપ્યું કે વર્ષો બાદ તમારી ગૃહે હું પુત્રી તરીકે જન્મ ધારણ કરીશ..આમ આદિ શક્તિ વર્ષો બાદ રાજા હેમાવત (હિમાલય) ના ઘરે બીજી પુત્રી ના રૂપે આદિ શક્તિ માં પાર્વતી નું રૂપ ધારણ કરી ને જન્મ લીધો..અને હેમાવત અને મેનાવતી ને ભાગ્યશાળી અને પુણ્યશાળી બનાવ્યા..માં પાર્વતી ના જન્મથી હિમાલય ની દરેક પર્વત માળાઓ ઝગમગી ઉઠી અને આખું હિમાલય દિવ્ય બન્યું..અને દીકરી પાર્વતી પિતા હેમાવત (હિમાલય) ને ત્યાં પારણે ઝૂલવા લાગ્યા..

આમ ઉપરોક્ત મુજબ ભાગ ૫ માં શિવ પુરાણ માં મહાદેવ અમરનાથ યાત્રા નું વર્ણન જોવા મળે છે

અને ત્યારબાદ હવે શિવ પાર્વતી ની કથા (લીલાં) ની શરૂઆત થાય છેમારો ઠાકુરજી મારો મહાદેવ ભગવતી આદિ શક્તિ દયા કરે કૃપા કરે તો એક વાર અચૂક અમરનાથ યાત્રા કરવા જજો..અને જીવન ધન્ય બનાવજો.

તો પ્રેમ સે બોલો આદિ શક્તિ માતા પાર્વતી કી જય..

પાર્વતી પતિ મહાદેવ..કી જય..

નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર..

જય મહાકાલ..

-----------------------------------

શિવ કથા ભાગ ૬

શ્રાવણ સુદ છઠ (૩/૮/૨૦૨૨)

પાર્વતી લીલા અધ્યાય અને શિવ ને જાણવાની ઈચ્છા આગળ ના ભાગ ૫ માં આપણે જોયું કે માં આદિ શક્તિ નો જન્મ પાર્વતી ના રૂપ માં હેમાવત ના ઘેર થયો..હવે આગળ..

હેમાવત રાજા ખૂબ જ ઉદાર હતા પરંતુ વધુ રાજ્ય ને કારણે શત્રુઓ ઘણા હતા એટલે એક સમયે રાજા હેમાવત ૫ વર્ષ ના યુદ્ધ માટે અન્ય રાજ્યમાં ગયા અને દીકરી પાર્વતી અને રાણી મેનાવતી ને દધિચી ઋષિ ના આશ્રમ માં નિવાસ માટે મૂકતા ગયા..દીકરી પાર્વતી આશ્રમમાં ધીમે ધીમે મોટી થવા લાગી હતી.

રાત્રી ના બધા સુઈ જાય પણ પાર્વતી રાત્રે જાગી ને હિમાલય ની સૌથી ઉંચી ટોચ તરફ જ જોયા કરે..જ્યારે પણ માતા રમવાનું કહે ત્યારે માટી નું જ શિવલિંગ બનાવે..

દધિચી અને અન્ય ઋષિઓ આ વાત જાણતા હતા પણ ભગવાન મહારુદ્ર ના સ્વભાવ વેશભૂષા ને નિવાસસ્થાન ના કારણે માતા મેનાવતી માનવા તૈયાર ના હતા.એટલે માતા મેનાવતી પાર્વતીને શિવ ભક્તિ થી દુર રાખવા લાગ્યા પણ નિયતિ એ અલગજ કિસ્મત નક્કી કરી હતી..શિવ પૂજા કરે..પાર્વતી શિવલિંગ બનાવે માટી ની..આરતી કરે શિવલિંગ ને ભેટી પડે..નાની વયે જ શિવ પ્રત્યે અનહદ પ્રેમ થઈ ગયો હતો..એક વખત રમત રમત માં માતા એ પૂછ્યું કે પાર્વતી તારે જીવનસાથી માં કોણ જોઈએ ત્યારે ૫ વર્ષની પાર્વતી એ શિવલિંગ તરફ ઈશારો કર્યો..અને બધા અવાચક બની ગયા..

સમય વીતતો રહ્યો..એક સમયે વધુ પવન તીવ્રતા ને કારણે ગુફા ની બહાર સ્થાપેલ ત્રિશુલ માંથી ડમરુ છૂટું પડી ને હિમાલય માંથી છેક દચિચી ના આશ્રમ માં આવી ગયું અને એક ખાડા માં દટાય ગયું..પછી નિયમિત એક ઘટના બનતી પાર્વતી દરરોજ ત્યાં ખાડા પાસે જાય અને લાકડી દ્વારા જમીન ખોદે..આવું ૭ ૮ વાર થયું..

એટલે ઋષિઓ એ ત્યાં ખાડો ગરાવ્યો તો મહાદેવ નું ડમરુ નીકળ્યું..પણ કોઈ થી ઉચકાયું નહિ..હલ્યું પણ નહીં..બીજા દિવસે બધા સુતા હતા અને સવાર ના ૫ વાગા માં જ ડમરુ નો અવાજ આખા આશ્રમ માં ગુંજી ઉઠ્યો..તાત્કાલિક બધા બહાર આવ્યા..જોયું તો અલૌકિક દ્રશ્ય...માતા પાર્વતી આંખો બંધ કરી ને ડમરુ વગાડતા હતા..

બધા જ હર હર મહાદેવ હર હર મહાદેવ બોલી ઉઠ્યા..વાતાવરણ દિવ્યમય બની ગયું..આમ દીકરી પાર્વતી પાંચ વર્ષ સુધી આશ્રમ માં મોટી થઈ અને વર્ષો વીતતા ગયા..સમય જતાં પાર્વતી મહેલ માં આવી ગયા..અને દધિચી ઋષિ અવારનવાર મહેલ માં માતા પાર્વતી ને મહાદેવ વિશે નું જ્ઞાન આપવા આવતા..આમ ધીમે ધીમે પાર્વતી મહાદેવ વિશે જાણવા લાગ્યા..અને સમય વીતતો રહ્યો..વર્ષો વીતતા રહ્યા..અને પાર્વતી ને સ્વપ્ન માં અને ભાસ થવા લાગ્યા સતી ના જીવનમાં જે જે ઘટનાઓ ઘટી હતી એ બધી એમને સ્વપ્ન દ્વારા રાત્રે દેખાવા લાગી...એક સમયે ઋષિ દધિચી ને પૂછ્યું કે મારા પતિ મહાદેવ ક્યાં છે..?ત્યારે ૧૮ વર્ષની વય ધરાવતા પાર્વતી ને ઋષિ એ કીધું કે અમરનાથ ગુફા માં અઘોર તપસ્યા માં..માત્ર નિઃસ્વાર્થ પ્રેમ જ તેમને પામવાનો ઉપાય છે..દેવી..જો મહાદેવ ને પતિ તરીકે પ્રાપ્ત કરવા હોય તો જાવ અમરનાથ તરફ પ્રયાણ કરો..બસ પછી શું હતું..

વર્ષો ની વિરહ વેદના..મનમાં મૂંઝવતા અનેક સવાલ અને શિવ પ્રત્યે અનહદ પ્રેમ અને સાથે લઈને માતા પાર્વતી મહાદેવ ની શોધ માં હાલતા થાય છે..અમરનાથ ગુફા તરફ...ૅ મી ઝ્હેંહી..

હર હર મહાદેવ...

પ્રેમ થી બોલો નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર..

જય મહાકાલ..જય ભોલેનાથ..

મહાદેવ આપનું કલ્યાણ કરે

--------------------------------

: શિવ કથા - ૭ (૪/૮/૨૦૨૨)

શવપુરાણ મુજબ સૃષ્ટિમાં પ્રજાની વૃદ્ધિ ન થવા પર બ્રહ્મા ચિંતિત થઇ ગયાં. ત્યારે જ આકાશવાણી થઈ- બ્રહ્મા! 'મૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરો'. આ સાંભળીને બ્રહ્માએ મૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સંકલ્પ કર્યો. પરંતુ ત્યાં સુધી શિવમાંથી નારિઓનું કુળ ઉત્પન્ન થયું ન હતું. ત્યારે બ્રહ્માએ શક્તિની સાથે શિવને સંતુષ્ટ કરવા માટે તપસ્યા કરી. બ્રહ્માની તપસ્યાથી શિવ

સંતુષ્ટ થઇ અર્ધનારીશ્વરનું રૂપ ધારણ કરી લીધું અને તેમની નિકટ જઇને પોતાની શરીરમાં સ્થિત દેવી શિવા/શક્તિના અંશને જાગૃત કરી દીધું. આ ઘટના પછી જ સૃષ્ટિનો વિસ્તાર થયો.

શું શીખવું-

ભગવાન શંકરનો આ અવતાર આપણને શીખવાડે છે કે, સમાજ, પરિવાર અને સૃષ્ટિના સંચાલનમાં પુરૂષની ભૂમિકા જેટલી મહત્વપૂર્ણ છે, તેટલી જ સ્ત્રીની પણ છે.

સ્ત્રી તથા પુરૂષ એક-બીજાના પુરક છે. એક-બીજા વિના તેમનું જીવન નિરર્થક છે. અર્ધનારીશ્વર લઈને ભગવાને તે સંકેત આપ્યો છે કે, સમાજ તથા પરિવારમાં મહિલાઓને પણ પુરૂષોની જેમ જ સમાન આદર અને પ્રતિષ્ઠા મળે. તેમની સાથે કોઇપણ પ્રકારનો ભેદભાવ ન કરવામાં આવે.

# ઉંમરના કારણે બહાર ગામ ન જઈ શકતા પાટીદાર સમાજના એક સાથે ૨૨૦૦ વૃદ્ધોને ખોડલધામની યાત્રા કરાવાશે, જુનાં સંબંધો તાજાં થશે

## ૪૨ લેઉવા પાટીદાર યુવા સંગઠન પાટણ ઉ.ગુ.ના ૫૩ ગામોમાંથી ૩૫ લક્ઝરીઓમાં દાદા-દાદીને પ્રવાસ કરાવશે

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

વૃદ્ધાવસ્થાના કારણે બહાર ગામ ન જઈ શકતા પાટીદાર સમાજના ૬૦ વર્ષથી વધુ ઉંમરનાં ૨૨૦૦ સિનિયર સિટીઝનોને સમાજના શ્રદ્ધાના કેન્દ્ર સમાન ખોડલધામની જાત્રા કરાવશે. ૪૨ લેઉવા પાટીદાર સમાજના ૫૩ ગામોમાંથી કુલ ૩૫ લક્ઝરીઓ તા.૬ ઓગસ્ટે ખોડલધામ જવા રવાના થશે. અને ૭ ઓગસ્ટ મા ખોડલના શિખરે ધજા ચડાવશે, પ્રસાદ ધરાવી માતાજીના આશીર્વાદ લેશે. સવાર, બપોર, સાંજનું ભોજન એકસાથે કરશે. આ પ્રવાસમાં ડોક્ટરોની વિશેષ ટીમ તેમજ ૨૦૦ સ્વયંસેવક યુવાનો સમાજના વડીલોની સેવામાં ખડેપગે રહેશે. એક જ સમાજના ૨૨૦૦ સિનિયર સિટીઝન બે દિવસ સાથે રહેશે તો સંબંધો પર લાગેલા સમયનાં આવરણ હટી તાજાં થશે, જૂની યાદો વાગોળશે. કેટલાક પૌત્ર-પૌત્રી માટે નવા સગાંની વાતનાં બીજ રોપાશે. સમાજનાં પણ અપરિચિત લોકો વચ્ચેનો સેતુ બંધાશે.

સમાજના વડીલોને શ્રવણ બની ધાર્મિક જાત્રા કરાવવાનું બીડું ૪૨ લેઉવા પાટીદાર યુવા સંગઠન પાટણના યુવાનોએ ઉપાડ્યું છે. યુવાનો ધારે તો શું ના કરી શકે? એનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. કોરોના મહામારી દરમિયાન પાટણ શહેરની તમામ હોસ્પિટલોમાં દાખલ કોરોનાના દર્દીઓને ૧૫ દિવસ સુધી નાત જાતના ભેદભાવ વિના આ બીમારીમાં ઉપયોગી મોસંબીનો જ્યુસ પોતાને ચેપ લાગવાની ચિંતા કર્યા વિના પહોંચાડ્યો હતો.

આ આયોજનમાં જે દાન વધ્યું તે રકમમાંથી પાટીદાર સમાજના ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને કુળદેવી મા ખોડલની જાત્રા કરાવવાનું આયોજન કરાયું છે.

સંગઠનના યુવાનોનું કહેવું છે કે, પહેલાના સમયમાં લગ્ન કે મરણ જેવા પ્રસંગોમાં સગાંવ્હાલાં, કુટુંબીજનો દિવસો સુધી ભેગા રહેતા. પરિણામે ઉંમર લાયક વ્યક્તિથી લઈ નાનાં બાળકો, યુવાનો તેમના સગાઓને નામથી ઓળખતા. પરંતુ હાલના દોડા દોડીના યુગમાં લગ્ન અને મરણ પ્રસંગો કલાકોના થઈ ગયા. લગ્ન પાર્ટી પ્લોટમાં હોય અને બેસણું હોલમાં યોજાય એટલે સગા સંબંધીઓ હાજરી આપવા પૂરતો જ સમય સાથે રહે છે. પરિણામે નાના બાળકો, યુવાનોનો વડીલો સાથે ઓળખાણનો તંતુ ધીમે ધીમે તૂટી રહ્યો છે. એમ કહી શકાય કે, બીજી કે ત્રીજી પેઢીના સગાંને નામજોગ ઓળખતાં પણ નહીં હોય. આવા સંજોગોમાં ખોડલધામની જાત્રા વૃદ્ધોને એકસાથે મળવાનું પ્લેટફોર્મ પૂરૂં પાડશે.

### ૨૨૦૦ વૃદ્ધોને એકસાથે જાત્રાનું સૌપ્રથમ આયોજનનો દાવો

ઉંમર લાયક માતા-પિતા જે હાલમાં ઘરની ચાર દીવાલોમાં જ સમય વિતાવે છે. તેઓ વૃદ્ધાવસ્થાને કારણે બહારગામ જઈ શકતા ન હોય સ્વજનોને મળ્યા ને અનેક વર્ષો થયાં હશે. ઉત્તર ગુજરાતમાં રહેતા લેઉવા પાટીદાર સમાજનાં ૫૩ ગામોના આવા લોકો ખોડલધામમાં ભેગા થશે. યુવાનીમાં સાથે રમી, હર્યા ફર્યા હશે પરંતુ સંસારની માયાજાળમાં પડ્યા પછી મળે વર્ષો થઈ ગયા હશે, આવા લોકો એકબીજાને મળશે. તમારે કેટલા છોકરા છૈયાં છે, હાલ શું કરે છે, પરણેલાં છે કે બાકી.આવી તો અનેક લાગણીભીની વાતો એકબીજા સાથે શેર કરશે. દાયકાઓ બાદ જુનાં સગપણ તાજાં થશે. યાદ કરશે. એકબીજાનો પુનઃ પરિચય અને નવા સગપણોની ગાંઠ બંધાશે. ક્યાંક તેમના પૌત્ર- પૌત્રીનાં લગ્નનાં બીજ અહીં જ રોપાઈ જશે. કોઈ એક સમાજના આટલી મોટી મોટી સંખ્યામાં વૃદ્ધોને જાત્રાએ લઈ જવાતા હોય તેવી પહેલી ઘટના બનશે :- હાર્દિક પટેલ (અડિયા) કન્વીનર, ૪૨ લેઉવા પાટીદાર યુવા સંગઠન પાટણ

### નરેશ પટેલના હસ્તે વડીલોનું સાલ ઓઢાડી બહુમાન કરાશે.

૭ ઓગસ્ટે બપોરે ૧૨:૩૯ કલાકે વાજતે ગાજતે ધ્વજારોહણ બાદ ખોડલ ધામના પ્રણેતા નરેશ પટેલના હસ્તે પાટીદાર સમાજના શ્રેષ્ઠીઓ, રાજકીય અને સામાજીક આગેવાનો વગેરેની હાજરીમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોનું સાલ ઓઢાડી બહુમાન કરાશે. ત્યારબાદ વડીલો પણ સાલ ઓઢાડી નરેશ પટેલને આશીર્વાદ પાઠવશે.સાંજના વીરપુર જલારામ બાપાના દર્શન કરી પરત ફરશે.

નિખિલ જોશી ચાણસ્મા

# માણાવદરની વૈષ્ણવ હવેલીમાં ઉજવાય રહેલો હિંડોળા ઉત્સવઃ ઠાકોરજીને ઝુલાવવા વૈષ્ણવો તલપાપડ બન્યા



માણાવદરની પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ હવેલીમાં કે જ્યાં ઠાકોરજી બાલસ્વરુપે બિરાજી રહ્યા છે ત્યાં ધામધૂમથી હિંડોળા ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ ઉત્સવમાં રોજેરોજ ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. ભગવાનને પોતાના કરકમળથી ઝુલાવાય એ મોટો લહાવો છે.

વૈષ્ણવોએ માટે તલપાપડ બની હવેલીમાં ભીડરુપે એકઠા થઈ રહ્યા છે અને શ્રી ઠાકોરજીનાં દર્શન કરી પોતાનો વારો ક્યારે આવે અને ક્યારે ભગવાનની હિંડોળાની દોરી પોતાના હાથમાં આવે તે માટે તલસી રહ્યા છે.

આ ઉત્સવ વર્ષાઋતુને હોઈ જેથી વર્ષાઋતુના કીર્તનો ગવાય છે તેમાં ખાસ કરીને કીરતનીયા દ્વારા મલ્હાર રાગમાં કીર્તનો ગવાય છે. હિંડોળા કોઈ સામાન્ય ઝુલા જેવા નહિ પરંતુ ફળ, ફૂલ, શાકભાજી, વનસ્પતિઓ, કાચ, ચાંદીવરખ, શ્યામ ઘટી, હરિયાળી ઘટા વગેરે જેવા શણગારો કરી તેને અદ્દભુત સ્વરુપ આપવામાં આવે છે અને તેમાં શ્રી ઠાકોરજીને પધરાવવામાં આવે છે.

માણાવદરના મુખ્યાજી શ્રી ઘનશ્યામજી શર્માજી, શ્રીમતી શર્માજી દ્વારા પ્રભુને હળવે હાથે ઝુલાવવામાં આવે છે તે વૈષ્ણવોને પણ તેનો લાભ આપવામાં આવે છે. માણાવદરના સાહિત્યકાર અને સિધ્ધહસ્ત લેખક ચંદ્રકાંતભાઈ પટેલે હિંડોળા વિશે માહિતી આપતા જણાવ્યું છે કે માણાવદરની પુષ્ટિ હવેલી ચોખ્ખાઈ, શુધ્ધતા, આચાર, વિચાર અને જ્ઞાન સંવર્ધનમાં અવલ જણાઈ રહી છે. સરકારી નિયમોનું પાલન કરવામાં મોખરે રહી છે. અહીંના ટ્રસ્ટીઓ તથા મુખ્યાજી વગેરેના સ્વભાવ નિખાલસ, સરળ હોવાથી ક્યારેય કોઈને અસંતોષ થતો નથી. હિંડોળા ઉત્સવમાં હજારો લોકોની ભીડમાંય ટ્રસ્ટીઓ વ્યવસ્થા જાળવવામાં સફળ રહ્યા છે.

તસવીર - અહેવાલ
જીગ્નેશ પટેલ માણાવદર

# ધીણોજ નજીક ગંગાપુરા ગામે અજાણ્યા યુવાનની અર્ધનગ્ન હાલતમાં ગળેફાંસો ખાધેલી લાશ મળી આવતાં ચકચાર મચી

પાટણ જિલ્લાના ધીણોજ નજીકના ગંગાપુરા ગામેથી ગુરૂવારના રોજ કોઈ અજાણ્યા યુવકની અર્ધનગ્ન હાલતમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતાં સનસનાટી મચી જવા પામી હતી.તો આ બાબતે ચાણસ્મા પોલીસને જાણ થતાં તેઓએ ઘટનાસ્થળે પહોંચી યુવકની લાશનું પંચનામું કરી ઓળખવિધિ માટે ના ચક્રોગતિમાન કરી યુવાનને આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા કરવામાં આવી છે તે બાબતે પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે મળતી હકીકત મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ નજીક ગંગાપુરા ગામે ગુરૂવારે કોઈ અજાણ્યા ઈસમની અર્ધનગ્ન હાલતમાં ગળેફાંસો ખાધેલી લાશ લટકતી હોવાની જાણ ગ્રામજનોને થતાં લોકોના ટોળાં ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. અને તરહ તરહની ચર્ચાઓ સાંભળવા મળી હતી. આ બાબતે ચાણસ્મા પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી લાશ ઉતારી પંચનામું કરી લાશની ઓળખ માટે અને ઈસમે આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરવામાં આવી છે તે માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગંગાપુરા ગામેથી ફાંસો ખાધેલી હાલતમાં મળેલી યુવાનની લાશ ના પગલે ગામમાં ચકચાર મચી જવા પામી છે



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કોર્પોરેટ પ્રહલાદ નગર અમદાવાદ શાખ ના મેનેજર શશિરાજ કુમાર ના માર્ગદર્શન નીચે પેન્સરનરો ની એક મિટિંગ બેક્રમાંજ મળેલ જેમાં ગ્રાહકો ને પડતી મુશ્કેલીનો નિરાકરણ કેમ કરવું અને ગ્રાહકો ને કેમ વધુ સહકાર આપવો તે વિષે ચર્ચા કરવા માં આવેલ આ પ્રસંગે સમગ્ર સ્ટાફ ની હાજર રહી સફળ બનાવેલ



શ્રાવણ માસ ના પવિત્ર દિવસોના પહેલા સોમવારે સમુતકર્સ મહાદેવ મંદિરે શિવભક્તો થી ઉભરાઈ રહ્યા છે ત્યારે વહેલી સવાર ભક્તો પુજા અર્ચના કરવા ઉભેલા હોય છે અને મંત્રોચ્ચાર સાથે ૐ નમઃ શિવાય બોલતા સંભળાય છે

# અદાણીએ ફરી સીએનજીના ભાવમાં વધારો કર્યો

અમદાવાદ,તા.૪

:આમ જનતા પર ફરી ગ્રાહકો પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. બુધવારે અદાણી દ્વારા પીએનજી ગેસ વધારો કરાયા બાદ હવે સીએનજીની કિંમતમાં વધારો થયો છે. અમદાવાદીઓ પર સીએનજીની કિંમતમાં ૧.૪૯ રૂપિયાનો વધારો કરાયો છે. સીએનજીનો કિલોદીઠ ભાવ હવે ૮૭.૩૮ રૂપિયા થયો છે. અગાઉ સીએનજીનો કિલોદીઠ ભાવ ૮૫.૮૯ રૂપિયા હતો. અદાણીએ સીએનજીની કિંમત કિલોદીઠ ૧.૪૯ રૂપિયા વધારી છે. જોકે, આ ભાવવધારો વાહનચાલકોને ભારે પડી રહેશે. રીક્ષા ચાલકો પહેલેથી જ ગેસમાં વધેલા ભાવોથી પરેશાન છે. આવામાં આ ભાવવધારો તેમની કમર ભાંગી નાખશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે સીએનજી ગેસમાં ૧.૯૯ રૂપિયાનો ભાવ વધારો હતો. દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ જનતાની કમરતોડી નાખી છે. પેટ્રોલ-ડીઝલ, સીએનસી, રસોઈ ગેસ, શાકભાજી, દૂધ સહિત ખાવા-પીવાની વસ્તુના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે.

# ઉમા પદયાત્રા સમિતિ દ્વારા માણાવદર થી ઉમાધામ ગાંઠીલા સુધી પદયાત્રા યોજાશે

માણાવદર ઉમા પદયાત્રા સમિતિ દ્વારા અગામી તા.૬-૮-૨૦૨૨ ને શનિવારના રોજ માણાવદર થી ઉમાધામ ગાંઠીલા સુધીની બીજી પદયાત્રા યોજાશે જેમાં પદયાત્રા સાથે માતાજીનો રથ પણ વાચતે ગાજતે ગાંઠીલા પહોંચશે

માણાવદર ઉમા પદયાત્રા સમિતિ દ્વારા દર વર્ષે માણાવદર થી ઉમાધામ ગાંઠીલા સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે.જેમા તા.૬-૮-૨૨ ને શનિવારના રોજ માણાવદર થી ઉમાધામ ગાંઠીલા સુધીની પદયાત્રા યોજાશે જેમાં સાંજે આઠ વાગ્યે કડવા પટેલ સમાજના શ્રેષ્ઠિઓ દ્વારા માતાજીની આરતી કરવામાં આવશે અને ત્યારબાદ પદયાત્રાનું પ્રસ્થાન થશે આ પદયાત્રા સાથે માતાજીનો રથ પણ રહેશે

વાજતે ગાજતે આ પદયાત્રા અને રથ પટેલ ચોકથી ગળવાવ ફાટક નરેડી, વંથલી, શાપુર, ધણફુલીયા થઈ ઉમાધામ ગાંઠીલા પહોંચશે જ્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા પદયાત્રીકોનું સ્વાગત તેમજ ધ્વજારોહણ નો કાર્યક્રમ રાખવામાં આવેલ અને બપોરે પ્રસાદનું આયોજન કરવામાં આવશે રસ્તામાં પણ ચા, પાણી, નાસ્તો, શરબતની વ્યવસ્થા કરવામાં આવેલ છે માઈ ભક્તોએ આ પદયાત્રામાં જોડાવા જણાવ્યું છે

રિપોર્ટર જીગ્નેશ પટેલ માણાવદર
મો. ૯૯૨૫૧ ૭૪૧૭૬

# લમ્પી વાયરસની બીમારી અને ગુજરાત મોડલ- એક સફળ આયોજન, સજ્જતા અને યોગ્ય કાર્યવાહીનું ઉદાહરણ

## - રાઘવજી પટેલ, માનનીય મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન, ગુજરાત સરકાર)



ઓમિક્રોન વેવ શરૂ થયાના અમુક મહિનાઓમાં જ ગુજરાતમાં વધુ એક મહામારી ફાટી નિકળી છે. આ વખતે, રાજ્યનું પશુધન લમ્પી સ્કિન ડિસીઝ (એલએસડી) વાયરસથી પ્રભાવિત થયું છે. પશુ ચિકિત્સા નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ વાયરસ આફ્રિકામાં ઉદભવ્યો હતો અને પાકિસ્તાન થઈને ભારતમાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદ દરમિયાન અહીં તે ફેલાયો છે. આવા હવામાન દરમિયાન, પ્રાણીઓ વાયરલ રોગો માટે સંવેદનશીલ રહે છે.

જો કે, એલએસડી રોગ સાધ્ય છે અને જો ચેપના પ્રારંભિક તબક્કામાં સારવાર આપવામાં આવે તો પશુ ઝડપથી સાજા થાય છે. એલએસડી થયા પછી બીજા કે ત્રીજા દિવસે પશુઓમાં લક્ષણો દેખાવા લાગે છે અને જો તાત્કાલિક સારવાર આપવામાં આવે તો પશુ એક અઠવાડિયામાં સ્વસ્થ થઈ શકે છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આ રોગચાળાને દૂર કરવા માટે ત્વરિત કામગીરી શરૂ કરીને તેના ફેલાવાને રોકવા માટે જરૂરી પગલાં લીધા છે.

અસરગ્રસ્ત ગામોની ૫ કિમીના વિસ્તારમાં પ્રભાવિત થયેલાં પશુઓનું વિનામૂલ્યે વ્યાપક રસીકરણ કરવા મુખ્યમંત્રીશ્રી દ્વારા તાત્કાલિક સૂચનાઓ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ સઘન સર્વેક્ષણ, સારવાર અને રસીકરણ માટે ૨૨૨ વેટરનરી ઓફિસર અને ૭૧૩ પશુધન નિરીક્ષકોની નિમણૂક કરી છે. રાજ્યની વેટરનરી કોલેજના સ્નાતકો, અનુસ્નાતકો અને શિક્ષકો સહિત કુલ ૧૦૭ સભ્યો જામનગર, દેવભૂમિ-દ્વારકા અને બનાસકાંઠામાં અત્યારે કામગીરી માટે ઉપસ્થિત છે. કચ્છમાં રસીકરણમાં મદદ માટે કામધેનુ યુનિવર્સિટીના ૧૭૫ લોકોને પણ મોકલવામાં આવ્યા છે.

પશુપાલકોને વ્યાપક પ્રમાણમાં અસર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે મારો વિભાગ અત્યારે ખડેપગે કામગીરી કરી રહ્યો છે. મુખ્યમંત્રીની દેખરેખ હેઠળ વિભાગે યુદ્ધના ધોરણે પ્રાણીઓનું સમયસર રસીકરણ સુનિશ્ચિત કર્યું છે. અત્યાર સુધીમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૦ લાખ ૬ હજારથી વધુ પશુઓને રસી આપવામાં આવી છે. રસીકરણ માટે ૬ લાખથી વધુ રસીના ડોઝ પણ ઉપલબ્ધ છે. આ વાયરસ અત્યારે ૨૦ જિલ્લામાં ફેલાયો છે અને કચ્છ તેનું કેન્દ્ર છે.

રાજ્ય સરકાર ૧૭૪૬ ગામોમાં ૫૦,૦૦૦ થી વધુ અસરગ્રસ્ત પશુઓની સારવાર કરવામાં સફળ રહી છે. વાયરસના ફેલાવાને અંકુશમાં લેવાના પ્રયાસમાં પશુઓની અવરજવરને રોકવા માટે રાજ્યવ્યાપી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના આઈસોલેશન કેન્દ્રોની મુલાકાત લઈને જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી.કચ્છમાં જ ૩૭,૮૪૦ પશુઓને વાયરસની અસર થઈ છે. અહીં અસરગ્રસ્ત પશુઓને અલગ કરવા માટે જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ૨૬ આઈસોલેશન કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. જિલ્લામાં ૫૮ વેટરનરી એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨૬૯ વધારાના મોબાઈલ વેટરનરી ક્લિનિક અને કરુણા એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બાકીના ૩.૩૦ લાખ પશુઓને આવરી લેવા માટે જિલ્લા વહીવટીતંત્ર દૈનિક ૨૦ હજાર જેટલા પશુઓનું રસીકરણ કરે છે. પશુપાલકોને જરૂરી માર્ગદર્શન આપવા માટે ૨૪૭૭ કોલ સેન્ટર ૧૯૬૨ કાર્યરત છે.

રાજ્ય સરકાર જાગરૂકતા ફેલાવવા માટે સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરી રહી છે જેથી કરીને મોટા પ્રમાણમાં લોકો અને ખાસ કરીને પશુપાલકો આ બાબતે લેવાતા પગલાંઓ અંગે જાગૃત થાય.હું ખેડૂતો પશુપાલકોને જાગ્રત રહેવા અપીલ કરું છું અને તેમને વિનંતિ છે કે સરકારના પ્રયાસોમાં પૂરતો સહયોગ આપે. આપણે સાથે મળીને આ બીમારીને દૂર કરવામાં સફળ રહીશું.

# આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેક્સ્ટર ફાર્માસ્યુટીકલના પાંચમાં સ્થાપના દિનની ઉજવણી




મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા , સ્ટેન્ડ અપ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત જેવી અનેક પહેલ થકી દેશ આજે ગ્લોબલ માર્કેટની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પર પૂર્ણપણે ખરો ઉતરી રહ્યો છે - પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે બેક્સ્ટર ફાર્માસ્યુટીકલ કંપનીના પાંચમાં સ્થાપનના દિનની ઉજવણી પ્રસંગે જણાવ્યું કે, દેશમાં ૧૦ હજાર થી વધુ દવા ઉત્પાદન એકમો માંથી ૪૦૦૦ થી વધું ફક્ત ગુજરાતમાં કાર્યરત છે. ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ઉત્પાદનની ગુણવત્તાના અને વિશ્વસનીયતાના પરિણામે સમગ્ર દેશ અને વિશ્વમાં ગુજરાતે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મંત્રી શ્રી એ વધુમાં જણાવ્યું કે, ભારતીય વિવિધ રસીઓ માટેની વૈશ્વિક માંગના ૬૦ ટકા થી વધુ અને વૈશ્વિક સ્તરે વપરાતી એન્ટિરેટ્રોવાયરલ દવાઓના બે તૃતીયાંશ સપ્લાય થાય છે. જેમાંથી ગુજરાતનો હિસ્તો ૧/૩ હિસ્સો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલા મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ અંતર્ગત સ્થાનિક સંસાધનોના ઉપયોગ થકી ગુણવત્તા યુક્ત ઉત્પાદન વધ્યું છે. જેના પરિણામે ઉધોગ ક્ષેત્રની વિવિધ વિદેશી આયાતો મા ઘટાડો થયો છે. કાચા માલ થી લઈ અન્ય ઔધોગિકીય ઉત્પાદનમાં આજે દેશ આત્મનિર્ભર બન્યું છે. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી અને ધોળકા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, પારિવારિક ભાવના સાથે કાર્યરત આ સંસ્થા ભલે આજે પાંચમી વર્ષગાંઠ ઉજવી રહી છે પણ સંસ્થાગત માળખું અને વિકાસ તેમજ પ્રોડક્ટ ક્વોલિટી પ્રત્યે સભાનપણું વર્ષોથી આ સંસ્થા કાર્યરત હોય એવી લાગણી દર્શાવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ દેશ આજે સર્વાંગીણ વિકાસની અવિરત ઉડાન ભરી રહ્યો છે. મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા , સ્ટેન્ડ અપ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત જેવી અનેક પહેલ થકી દેશ આજે દરેક ક્ષેત્રે લોકલ અને ગ્લોબલ માર્કેટની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પર પૂર્ણપણે ખરો ઉતરી રહ્યો છે.

ડબલ એન્જિન સરકારના નેતૃત્વ હેઠળ ગુજરાત અને સમગ્ર દેશ આજે દરેક ક્ષેત્રે આયાતને ઓછામાં ઓછા સ્તરે લઈ જઈને નિકાસ વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યો છે. વૈશ્વિક અર્થતંત્ર જ્યારે વૈશ્વિક મંદીના દરવાજા પર દસ્તક દઈ રહ્યું છે ત્યારે આપણે વિશ્વફલક પર વિકાસના માર્ગ પર અવિરત ઉડાન ભરી રહ્યા છીએ. આજે ફાર્મા સેક્ટરમાં છૈં પ્રત્યે અન્ય દેશો પ્રત્યેની નિર્ભરતાને આપણે નિમ્ન સ્તરે લઈ જવાની છે. "Save and sustain lives" ના ઉમદા ઉદ્દેશ સાથે આગળ વધી રહેલી આ સંસ્થા ઉત્કૃષ્ટ ક્વોલિટી માપદંડો સાથે પોતાના સંસ્થાગત ધ્યેયો અને ઉદ્દેશો પ્રત્યે સંપૂર્ણ સમર્પિત છે.

આ પ્રસંગે ડેપ્યુટી ડ્રગ્સ કંટ્રોલર શ્રી જયંત કુમાર, ઓપરેશન અને ક્વોલીટી હેડ ઋષિકેશ જયવંત સહિત મોટી સંખ્યામાં કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અસ્મિતા પ્રજાપતિ એ અબોલ જીવ ને બચાવવા અભિયાન હાથ ધર્યું....

અરવલ્લી.સા.કાઠા

નારી સંરક્ષણ કેન્દ્ર માં મેનેજર તરીકે ફરજ બજાવે છે

સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા અસ્મિતા પ્રજાપતિ અબોલ જીવ ને ચોમાસા ની ત્રૃતૃ માં સહારો અને જીવીત દાન આપવા અભિયાન પોતાની ફરજ જ્યાં બજાવે છે.



ત્યાં જ શરૂ કર્યું છે જેમાં અબોલ જીવ ને સહારો મળી રહે તે માટે માટીના પક્ષી ઘર અને ચણપાત્ર વૃક્ષો પર લગાવ્યા છે અસ્મિતા પ્રજાપતિ ખરેખર એક અબોલ જીવ પ્રેમી છે અને ટૂંક સમયમાં એક ચબુતરા નું પણ નિર્મોણ કરવા જય રહ્યા છે અસ્મિતા પ્રજાપતિ એ પોતાના સંવાદમાં જણાવ્યું કે મનુષ્ય જીવ ગમે તે રીતે માંગી ને પણ ખાઈ શકે છે જયારે અબોલ જીવ વરસાદ ની ત્રૃતૃ માં ક્યાં સહારો લેશે અને ક્યાં અબોલ જીવ ને ચણ મળશે એ વિચાર થકી આ અબોલ જીવ ની થોડી એવી સેવા કરી રહી છું આ અબોલ જીવ સેવા ના કાયૅ ને સહર્ષ વધાવતાં અબોલ જીવ સેવા ના ભેખધારી નારી રત્ન ઈન્દુ પ્રજાપતિ એ ખુબ ખુબ શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા છે આવું પૃથ્વી પરનો મનુષ્ય જીવ અસ્મિતા પ્રજાપતિ જેવા ઉમદા સેવા ના કાયૉ કરે તો અબોલ જીવ ને ક્યારેક કંઈ તકલીફ ન પડે અને લુપ્ત થતી ચકલીઓ નો અવાજ ફરી પાછો ગુંજતો થશે....

રિપોર્ટ.હિરેન પ્રજાપતિ...
અરવલ્લી.સા.કાઠા..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.